**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧. ફોન : ૩૨૯૦૫૦૭

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ધર્મભાવના | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| શ્રીમદ્ રાજચંદ્ર | મહાત્મા ગાંધીજી | ૧૧ |
| બાવન પંક્તિના શ્રીગુરુભગવંતના દિવ્યદેહને નમસ્કાર | મા સર્વેશ્વરી | ૧૫ |
| ગુરુપૂર્ણિમાનિમિત્તે પૂજા—અર્ચનની નવી પ્રણાલિ | નારાયણ હ. જાની | ૨૦ |
| શ્રમસેવા દ્વારા ગુરુપૂજા | મા સર્વેશ્વરી | ૨૩ |
| ધાર્મિક—આધ્યાત્મિક ક્ષેત્રે જાણવા જેવું | ડૉ. કાલિદાસ પ્રજાપતિ | ૨૯ |
| ભક્તિ એ જ જ્ઞાન પરમ | ઉન્મેષભાઇ મહેતા | ૩૧ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૩૨ |
| સાધના ને સેવા કોને કહેવાય? | બાબા લાલબિહારીદાસ | ૩૯ |
| હૈયુ, મસ્તક ને હાથ... | વર્ષાબેન જોષી | ૪૦ |
| Maa's guidence to a Confused college girl | Sheetal Narsai | ૪૩ |
| મૂંઝવણ અનુભવતી કોલેજ કન્યાને માર્ગદર્શન | તંત્રી | ૪૬ |
| એક સૂફી વિદ્યાર્થી | ભાણદેવજી | ૪૯ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૫૯ |

# ધર્મભાવના

**શ્રી યોગેશ્વરજી**

વાત દેખીતી રીતે જ સાધારણ હતી. એક પરમપવિત્ર પરમાત્માપરાયણ વિરક્ત સંતપુરુષને એમના ભક્તજનો તરફ-થી મુંબઇમાં એક શ્રીમંતને ત્યાં ઉતારવામાં આવેલા. બંને એક-મેકથી અપરિચિત હોવા છતાં પેલા શ્રીમંત સદ્‌ગૃહસ્થે સંત પુરુષનું ખૂબ જ સ્નેહપૂર્વક અસાધારણ ઉમળકા સાથે સ્વાગત કર્યું. સંતપુરુષને એ આત્મીય લાગ્યા. જાણે કેટલાય વખતથી એકમેકને ઓળખતા ના હોય એવું અનુભવાયું. પોતાના સ્વજનોને ને સન્મિત્રોને બોલાવીને એમણે એ અમૂલ્ય અવસરને અનુરૂપ સંતપુરુષનો સત્સંગ ગોઠવ્યો. એથી સંતપુરુષને સંતોષ થયો. પોતાનું આગમન સાર્થક લાગ્યું.

પેલા સત્પુરુષને શ્રીમંત સદ્‌ગૃહસ્થ રોજ પરમ આદરભાવથી પ્રણામ કરતા, એમનાં સંતાનો પણ પગે લાગતાં. પરંતુ તેમની પત્ની પ્રણામ ના કરતી. સદ્‌ગૃહસ્થ એને કહેતા કે પાસે જઇને પ્રણામ તો કર. પ્રણામ કરવાથી નુકસાન નથી, લાભ જ છે. પવિત્ર ને પૂજ્ય પુરુષોને પ્રણામ કરવાનું આપણું કર્તવ્ય છે. પરંતુ એમની પત્નીને એમના શબ્દોની અસર નહોતી થતી. એને પ્રણામ કરતાં નહોતું આવડતું એમ નહિ, પરંતુ એના ગુરુએ જણાવેલું કે મારા સિવાય બીજા કોઇને પ્રણામ ના કરવા. એટલે ગુરુનાં વચનને વળગી રહીને એ સન્નારી પ્રણામ ના કરતી. સંતને જોઇને મોં પણ ના મલકાવતી. શિષ્ટાચાર, સ્વાગત, સેવાભાવના બે શબ્દો પણ ના બોલતી.



સંતપુરુષને એનો હર્ષશોક ન હતો. ના હોય. પરંતુ પેલા શ્રીમંતને એવો વ્યવહાર આદર્શ, અનુકરણીય અથવા સારો નહતો લાગતો. છતાં પણ બીજો કોઇ ઉપાય નહતો. પેલી સન્નારીના મનમાં ગુરુની વાત ઠસી ગયેલી. એના મનમાં સુધાર ના થાય ત્યાં સુધી બીજું કશું શક્ય જ ન હતું. મનની સુધારણા સદ્‌વિચારથી જ થતી હોય છે. અને સદ્‌વિચાર સત્પુરુષો પાસેથી પ્રાપ્ત થાય છે. સત્પુરુષો આપણને સમજાવે છે, શીખવે છે, કે માતાપિતાને, વડીલોને, પૂજ્યને પવિત્રજનોને, સંતપુરુષોને, દેવ મંદિરોને, એમની પ્રતિમાઓને, આચાર્યને, ગુરુને કે સદ્-ગ્રંથોને પ્રણામ કરવા. એ સર્વસામાન્ય શિષ્ટાચાર કહેવાય છે. એનાથી આગળ વધીને સૌમાં પરમાત્માનો પરમપ્રકાશ પેખાશે ત્યારે સૌને—સમસ્ત જગતને પ્રણામ કરાશે. જગતના રૂપમાં રહેલા જગદીશશ્વરને નમાશે. પ્રણામ નમ્રતાને સૂચવે છે, વિનય દર્શાવે છે, પવિત્રતા સંયમશીલ સદ્‌ભાવ તથા આદરભાવ અને ઋણ સ્વીકાર સૂચવે છે. પોતે જેમના પ્રત્યે વિશેષ પૂજ્યભાવ રાખતા હોય તેવા ગુરુને વિશેષ પ્રણામ કરવામાં આવે એ સમજાય તેવું છે. પરંતુ બીજાનો અનાદર કે બીજાની ઉપેક્ષા થાય તે બરાબર નથી. બીજાને વિશેષ નહિતો માનવસહજ મર્યાદામાં રહીને સામાન્ય પ્રણામ તો અવશ્ય કરીએ. એમાં આપણી માનવતા, શોભા, વિદ્યા, સંસ્કારિતા સજ્જનતા સમાયેલી છે તે ના ભૂલીએ. ગુરુ સિવાય બીજા કોઇને પ્રણામ થઇ જ ના શકે ને અન્ય કોઇ પ્રણમ્ય હોઇ જ ના શકે એવી માન્યતા અનુચિત છે. ભૂલભરેલી છે. આદર્શ અથવા સાચી નથી.

પોતાને ત્યાં આવનારા અતિથિ સાથે વાત જ ના કરવી, એક અક્ષર પણ ના ઉચ્ચારવો, એમના પ્રત્યે સેવાભાવ ના

પ્રગટાવવો, મોં પણ ના મલકાવવું, એ વૈરાગ્યની, જ્ઞાનની અથવા આત્મનિષ્ઠાની નિશાની નથી, પરંતુ બેદરકારી છે, જડતા છે, અજ્ઞતા છે, જવાબદારીનો અભાવ છે. એ કર્તવ્યનું પાલન નહીં, કર્તવ્યનો અનાદર સૂચવે છે. આપણે ગમે તે ધર્મ-ને, પંથને, મતમતાંતરને, સંપ્રદાયને, ગ્રંથને કે ગુરુને માનીએ એનો અર્થ એવો નથી કે અન્યને માનનારા પ્રત્યે ઉપેક્ષા સેવીએ, અન્યને માટે અનાદર રાખીએ. માનવતાનું અને એને અનુરૂપ એવા વિમળ વ્યવહારનું દર્શન તો આપણા જીવનમાં થવું જ જોઈએ. જીવનની સાચી શોભા એમાં જ છે. ધર્મભાવનાની અભિરુચિ રાખનારે તો આ વાતને ખાસ સમજી લેવી જોઈએ. ધર્મભાવના ધર્મમય વ્યવહારથી સંપન્ન હોવી જોઈએ.


વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.




**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૯ સપ્ટેમ્બર : ૨૦૦૭ અંક ૧૨

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

## જાહેર નિમંત્રણ

**હિમાલય નિવાસી મહાત્મા શ્રીયોગેશ્વરજીનું ન્યુ જરસીમાં શુભાગમન**

હિમાલય નિવાસી મહાત્મા શ્રી યોગેશ્વરજી તા. ૨૮–૧૨–૮૧ ને સોમવારના રોજ ભારતીય સંસ્કૃતિના પ્રચાર અર્થે ન્યુ જરસીમાં પધારે છે.

અમેરિકામાં વસતા ધર્મપ્રેમી ભાઈબહેનોને આધ્યાત્મિક જીવન દ્વારા આત્મ કલ્યાણનો માર્ગ શોધવા, ધર્મ પ્રત્યેની સુરુચિ ઉપજાવવા અને ભગવાન શ્રીકૃષ્ણે 'ભક્તિયોગ' દ્વારા આપેલ ઉપદેશને સામાન્ય જનતા સુધી સરળ, ભાવવાહી અને સ્વાનુ-ભવ સંપન્ન રીતે રજુ કરવા પૂજ્ય યોગેશ્વરજીના જાહેર પ્રવચનો જનતાના લાભાર્થે રાખવામાં આવ્યા છે.

સરળ, શિષ્ટ, સંસ્કારી અને મધુર ભાષામાં પૂ. યોગેશ્વરજી-

ના પ્રવચનો સાંભળવા સૌ ધર્મપ્રેમી ભાઈબહેનોને હાર્દિક આમંત્રણ છે.

પ્રવચનોના સ્થળ અને સમય નીચે પ્રમાણે છે :—

| સ્થળ | સમય |
|---|---|
| Community Church of God | ડીસેમ્બર ૨૯ અને ૩૦ |
| 001 82nd St. | મંગળવાર, બુધવાર. |
| (one block east on kennedy | |
| Blvd. on 82nd Street) | સાંજના ૭:૦૦ થી ૮:૩૦ |
| North Bergen, NJ. | |

★★★

| | |
|---|---|
| Hindu Mandir | જાન્યુઆરી ૨જી અને ૩જી |
| 1. Gaston Avenue | શનિવાર, રવિવાર. |
| Garfield N. J. | સાંજના ૬:૦૦ થી ૭:૩૦ |

**તા. ૨૯—૧૨—૮૧ મંગળવાર, પોષ સુદ ત્રીજ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : નોર્થ બરગન, ન્યુ જરસી.**

સવારે થોડો થાક હોવાથી વધારે આરામ કર્યો. પૂ. શ્રીએ આજે જરા મોડું સ્નાન કર્યું. વ્યાયામ, ગીતાપાઠ, મંત્રજપ થઈ ગયા. લેખનકાર્ય પણ નિયમિત થયું. પછી ફરી થોડો આરામ કર્યો.

આજે ભોજનમાં ખીચડી, શાક બનાવવામાં આવ્યાં. ભોજન પહેલાં થોડા બહેનો પૂ. શ્રીને મળવા આવ્યાં. પૂ. શ્રીએ ઈંગ્લેન્ડ, કેનેડાના જીવનની વાતો કરી, વળી સર્વેશ્વરીને રોજનીશીનો એક દિવસ વાંચવા જણાવ્યું. અધ્યાત્મની વાતો થઈ પછી પૂ. શ્રીએ ભોજન લીધું.



રોજનીશીના વાચન પછી સરોજબેન કહેવા લાગ્યાં : ‘અમે તો કોઈનાં પ્રવચન, સત્સંગ ગોઠવ્યા નથી. અમને કોઈ અનુભવ પણ નથી. રોજનીશીના વાચનમાંથી અમને ઘણું ઘણું જાણવાનું મળ્યું. દરરોજ એક પાનું વાંચી સંભળાવજો. એમ તો મેં ગઈ-કાલે જ મહાત્માજીનું ‘પ્રકાશના પંથે’ પૂરું કર્યું. એ પુસ્તક તો મૂકવાનું મન જ ન થાય. હવે રમણ મહર્ષિનું પુસ્તક બાકી છે.’

શ્રીવિનોદભાઈના ઘરે રામકૃષ્ણદેવનું, વિવેકાનંદનું વિપુલ સાહિત્ય છે. પતિ—પત્નીનો સ્વભાવ મિલનસાર ને પ્રેમાળ છે. તેઓ માને છે કે, ‘અમારાં બાળકો પણ ભાગ્યશાળી છે કે તેમને છેક નાની ઉંમરથી આવા મહાપુરુષોનાં દર્શન થાય. સુરેન્દ્ર-નગરમાં જ્યારે મળવાનું બન્યું ત્યારે કલ્પના પણ ન હતી કે અમારા ઉપર આવી કૃપા ઉતરશે! અમારે ત્યાં પૂ. શ્રી પધારશે. જ્યારે તમારો ઈંગ્લેન્ડથી ફોન આવ્યો ત્યારે અમે ફોન પર ન મળ્યાં પણ છેવટે અમે તમને મળી શક્યાં. વળી કેનેડાથી ફોન આવ્યો ત્યારે અમારો નંબર બદલાઈ ગયો હતો. છતાં અમને સદ્ભાગ્ય પ્રભુ આપવા માંગતા હતા તો ગમે તે રીતે પણ અમને આપ મળ્યા. ખૂબ આનંદ! અમારે ત્યાં વળી આપ ક્યાંથી! આપ તો અમારા હાથનું ભોજન લેતા નથી, નહીં તો અમે આપને ભોજન પણ ન બનાવવા દઈએ. અમે જ ભોજન બનાવીને આપને ભોજન કરાવીએ. પણ શું થાય?’ વગેરે વગેરે વાતો થઈ.

ભોજન બાદ પૂ. શ્રીએ આરામ કર્યો. સાંજે લેખનકાર્ય કર્યું. સર્વેશ્વરીએ પણ નોંધલેખન કરી લીધું. આજે ૭:૦૦ વાગ્યે ‘કોમ્યુનીટી ચર્ચ’, ૧૦૦૧, ૮૨ સ્ટ્રીટમાં પૂ. શ્રીનું પ્રવચન છે. જેથી સમયસર ત્યાં જવાનું બન્યું. પ્રવચન પહેલાં સર્વેશ્વરીએ પૂ. શ્રીનો પરિચય આપ્યો. પૂ. શ્રીનું પ્રવચન શરૂ થયું. ગીતા ઉપર

જ આજનું પ્રવચન થયું. પ્રવચન બાદ સર્વેશ્વરીએ ભજન ગવ-ડાવ્યાં. ચર્ચના હોલમાં મંચ ઉપર પૂ. શ્રીની મોટી બેઠક હતી. સર્વેશ્વરી પાસે એક બેઠક ઉપર બેઠાં. પ્રવચનમાં શ્રોતાઓની સંખ્યા સારી હતી. વિનોદભાઈએ પ્રથમવાર આ રીતે જાહેર કાર્યક્રમ ગોઠવ્યો હતો, છતાં એમનો પ્રથમ પ્રયત્ન પણ સફળ રહ્યો તેથી વિનોદભાઈનો ઉત્સાહ વધ્યો હતો.

એમની પત્રિકાની જાહેરાતથી શ્રોતાઓની સંખ્યા વધારે હતી. પ્રવચન બાદ શ્રીશુક્લજીનો પરિવાર પૂ. શ્રીને મળ્યો. સર્વેશ્વરીના ભજનોનું પુસ્તક ક્યાં મળે? એ પ્રશ્ન પણ પૂછાયો. એક જ ભજનથી શ્રોતાઓ આ પ્રશ્ન સ્વાભાવિક રીતે પૂછતા હોય છે. એમનો અર્થ એ ભજન સ્વાભાવિક રીતે લોકહૈયે વસી જાય છે.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી જવાનું બન્યું. પૂ. શ્રીને આજકાલ બટાકા–પૌંઆ ભાવે છે, જેથી સાંજના હળવા અલ્પાહાર તરીકે તેને સ્થાન મળે છે. અલ્પાહાર કરી થોડો આરામ કરે છે. હરિઃૐ.

**તા. ૩૦–૧૨–૮૧ બુધવાર, પોષ સુદ ચોથ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : નોર્થ બરગન, ન્યુ જરસી.**

રાત્રે પૂ. શ્રી આજકાલ મંત્રજપની ૧૦૦ માળા કરી લે છે. વળી ધ્યાનમાં બેસે છે. વળી થોડીવાર આંટા મારતા મારતા પ્રભુસ્મરણ કરે છે. આખીયે રાત્રી આજે એ રીતે પસાર થાય છે. સર્વેશ્વરી પણ રાત્રે માળા કરી લે છે. વળી શ્રીરામકૃષ્ણદેવનું જીવનચરિત્ર વાંચે છે. ત્યાં તો ૪:૩૦ વાગી જાય છે. પછી પૂ. શ્રી પણ થોડો આરામ કરે છે.

આખી રાત આજે પ્રભુસ્મરણમાં વીતી. સવારે સમયસર



સ્નાન કરી લેવાનું બને છે. પૂ. શ્રી નિયમિત વ્યાયામ પણ કરી લે છે. દૂધ પીને લેખનકાર્ય ૧૧:૦૦ વાગ્યા સુધી કરે છે. પછી થોડો આરામ કરે છે.

પોણાબાર વાગ્યે પૂ. શ્રી બેઠકરૂમમાં આવે છે. આજે ડાયરી-નું એક પાનું વાંચવામાં આવે છે. ત્યાં એક બેનનો ફોન આવે છે. જેમણે ભાવનગરમાં પૂ. શ્રીનાં પ્રવચનો સાંભળ્યાં હતાં. તેમણે લગભગ પોણો કલાક સુધી ફોન ઉપર આધ્યાત્મિક પ્રશ્નો પૂછી સમાધાન મેળવ્યું.

આજે સર્વેશ્વરીના એક સ્વજન મળવા આવે છે. તેમની સાથે તેઓ અડધો કલાક વાતો કરે છે. આજે ભોજનમાં મગ–ભાત બનાવ્યા. પૂ. શ્રીએ દૂધ–ભાત જ લીધાં. મગ ના ભાવ્યા.

ભોજન બાદ આરામ. સાંજે લેખનકાર્ય બાદ શ્રી વિનોદભાઈ સાથે અડધો કલાક ૬:૦૦ થી ૬:૩૦ વાતો કરી. તે ભાઈને ધ્યાન વિષે જાણવું છે. વળી આજે પ્રવચનમાં અમેરિકન ભાઈ-બેનો આવનાર છે જેથી પૂ. શ્રીને અંગ્રેજીમાં બોલવાની વિનંતી કરવામાં આવે છે. આજે ચર્ચના હોલમાં પૂ. શ્રી ગુજરાતીમાં પ્રવચન આપે છે. પછી વચ્ચે અંગ્રેજીમાં પણ સમજાય એ માટે અંગ્રેજી વાક્યો બોલે છે.

પ્રવચન બાદ તે અમેરિકન ભાઈબેનો સાથે પૂ. શ્રીએ થોડી વાતો કરી. વળી ચર્ચના પાદરી હતા તેની સાથે પણ થોડી વાતો કરી. ઉતારા ઉપર આવી મમરાનો અલ્પાહાર કરી વિવેકાનંદનાં પુસ્તકો પર નજર નાંખી. આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)

# શ્રીમદ્ રાજચંદ્ર

**મહાત્મા ગાંધીજી**

શ્રીમદ્ રાજચંદ્રનો વેપાર હીરામોતીનો હતો. શ્રી રેવાશંકર જગજીવન ઝવેરીની સાથે ભાગીદાર હતા. સાથે કાપડની દુકાન પણ ચલાવતા. પોતાના વ્યવહારમાં સંપૂર્ણ રીતે પ્રામાણિકપણું જાળવતા એવી મારી ઉપર તેમણે છાપ પાડી હતી. તેઓ સોદા કરતા તે વખતે હું કોઈવાર અનાયાસે હાજર રહેતો. તેમની વાત સ્પષ્ટ અને એક જ હતી. 'ચાલાકી' જેવું હું કંઈ જોતો નહિ; સામેનાની ચાલાકી પોતે તરત કળી જતા. તે તેમને અસહ્ય લાગતી. એવે વખતે તેમની બંને ભ્રૂકુટી પણ ચડતી ને આંખોમાં લાલાશ હું જોઈ શકતો હતો.

ધર્મકુશળ એ વ્યહવારકુશળ ન હોય એ વહેમ રાયચંદ-ભાઈએ ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વેપારમાં પૂરી કાળજી ને હોશિયારી બતાવતા. હીરામોતીની પરીક્ષા પણ ઘણી ઝીણવટથી કરી શકતા. જો કે અંગ્રેજી જ્ઞાન તેમને નહોતું છતાં પારિસ વગેરેના તેમના આડતિયા તરફથી આવેલા કાગળો, તારોના મર્મો તરત સમજી જતા ને તેઓની કળા વર્તતાં વાર ન લાગતી. તેમણે કરેલા તર્કો ઘણે ભાગે સાચા પડતા.

આટલી કાળજી ને હોશિયારી છતાં વેપારીની તાલાવેલી કે ચિંતા ન રાખતા. દુકાનમાં બેઠા પણ જ્યારે પોતાનું કામ પૂરું થઈ રહે એટલે ધર્મપુસ્તક તો પાસે પડ્યું જ હોય તે ઊઘડે અથવા પેલી પોથી કે જેમાં પોતાના ઉદ્‌ગારો લખતા તે ઉઘડે. મારા જેવા જિજ્ઞાસુ રોજ રોજ તેમની પાસે આવ્યા જ હોય. તેમની સાથે ધર્મ



ચર્ચા કરતાં આચકો ન ખાય. વેપારને ટાણે વેપાર, ધર્મને ટાણે ધર્મ, અથવા એક જ વખતે એક જ કામ. એ સામાન્ય અને સુંદર નિયમનું કવિ પાલન ન કરતા. પોતે શતાવધાની હોઈ તેનું પાલન ન કરે તે ચાલે. બીજાઓ તેમનો વાદ કરવા જાય તો બે ઘોડે ચડનાર જેમ પડે તેમ પડે જ. સંપૂર્ણ રીતે ધાર્મિક ને વીતરાગી પુરુષ પણ જે ક્રિયા જે કાળે કરતો હોય તેમાં જ તે લીન થાય એ યોગ્ય છે. એટલું જ નહિ પણ તેને તો એ જ શોભે, એ તેના યોગની નિશાની છે, એમાં ધર્મ છે. વેપાર અથવા એવી કોઈ પણ ક્રિયા જો કર્તવ્ય હોય તો તેમાં પણ પૂરી એકાગ્રતા હોવી જોઈએ. અંતરમાં આત્મચિંતન તે તો મુમુક્ષુને તેના શ્વાસની પેઠે ચાલવું જ જોઈએ. તેથી એક ક્ષણભર પણ તે વંચિત ન રહે. પણ આત્માને ચિંતવતો છતો જે બાહ્ય કાર્ય કરતો હોય તેમાંય તે તન્મય રહે જ.

આમ કવિ નહોતા કરતા એમ હું કહેવા નથી ઈચ્છતો ઉપર જ મેં કહ્યું છે કે પોતે તેમના વેપારમાં પૂરી કાળજી રાખતા. એમ છતાં મારી ઉપર એવી છાપ પડી છે ખરી કે કવિએ પોતાના શરીરની પાસેથી જોઈએ તે કરતાં વધારે કામ લીધું. એ યોગની અપૂર્ણતા તો ન હોય? કર્તવ્ય કરતાં શરીર પણ જવા દેવું જોઈએ એ નીતિ છે. પણ શક્તિ ઉપરવટ કંઈ વહોરી લઈ તેને કર્તવ્ય માનવું એ રાગ છે. એવો અતિ સૂક્ષ્મ રાગ કવિને હશે એમ મને લાગ્યા કર્યું છે.

ઘણી વખત પરમાર્થ દૃષ્ટિએ માણસ શક્તિ ઉપરાંત કામ લે છે ને પછી એને પહોંચી વળતાં તણાવું પડે છે. એને આપણે ગુણ માનીએ છીએ ને તેની પ્રશંસા કરીએ છીએ. પણ પરમાર્થ

એટલે ધર્મદૃષ્ટિએ જોતાં એમ ઉપાડેલાં કામમાં સૂક્ષ્મ મૂર્છા હોવાનો બહુ સંભવ છે.

જો આપણે આ જગતમાં કેવળ નિમિત્તમાત્ર જ હોઈએ, આ શરીર આપણને ભાડે મળ્યું છે તેથી આપણે તે વાટે તુરત મોક્ષ સાધવો એ જ પરમ કર્તવ્ય હોય, તો એ માર્ગમાં જે વિઘ્નકર્તા હોય તેનો ત્યાગ અવશ્ય કરવો જ જોઈએ એ જ પારમાર્થિક દૃષ્ટિ, બીજી નહિ.

જે દલીલો હું ઉપર કરી ગયો છું તે પણ બીજે રૂપે ને પોતાની જ ચમત્કારિક ભાષામાં રાયચંદભાઈ મને સંભળાવી ગયા હતા. એમ છતાં તેમણે કેટલીક ઉપાધિઓ એવી કેવી વહોરી કે પરિણામે તેમને સખત માંદગી ભોગવવી પડી.

જો રાયચંદભાઈને પણ પરોપકાર નિમિત્ત મોહે ક્ષણવાર ઘેરી લીધા એ મારી માન્યતા ખરી હોય તો ''પ્રકૃતિમ્ યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ'' એ શ્લોકાર્થ અહીં બરાબર બંધ બેસે છે, ને તેનો અર્થ એટલો જ છે. ઇચ્છાપૂર્વક વર્તવાને સારુ ઉપરના કૃષ્ણ વચનનો ઉપયોગ કરતા જણાય છે, તે તો કેવળ દુરુપોયગ છે. રાયચંદભાઈની પ્રકૃતિ તેમને બળાત્કારે ઊંડા પાણીમાં લઈ ગઈ. એવા કાર્યને દોષરૂપે પણ લગભગ સંપૂર્ણ આત્માને વિષે જ કલ્પવી શકાય. આપણે સામાન્ય માણસો તો પરોપકારી કાર્ય પાછળ ગાંડા બનીએ ત્યારે જ તેને કદાચ પહોંચી વળીએ.

એવી પણ માન્યતા જોવામાં આવે છે કે ધાર્મિક માણસો તો એવા ભોળા હોય કે તેને બધા છેતરે. તેને દુનિયાની બાબતોની કશી ખબર ન પડે. આ બરાબર હોય તો કૃષ્ણચંદ્ર અને રામચંદ્ર બે અવતારો તે કેવળ સંસારી મનુષ્યોમાં ગણાવા જોઈએ. કવિ



કહેતા કે જેને શુદ્ધ જ્ઞાન છે તેને છેતરવો અશક્ય હોવું જોઈએ. માણસ ધાર્મિક એટલે નીતિમાન હોય છતાં તે જ્ઞાની ન હોય. પણ મોક્ષને સારું નીતિ અને અનુભવજ્ઞાનનો સુસંગમ જોઈએ. જેને અનુભવજ્ઞાન થયું છે તેની પાસે પાખંડ નભી જ ન શકે. સત્યની સમીપમાં અસત્ય ન નભી શકે. અહિંસાના સાંનિધ્યમાં હિંસા બંધ થાય. સરળતા જ્યાં પ્રકાશે છે ત્યાં છળરૂપ અંધકાર નાશ પામે છે. જ્ઞાનવાન અને ધર્મવાન કપટીને જુએ કે તરત તેને ઓળખે અને તેનું હૃદય દયાથી ભીનું થઈ જાય, જેણે આત્માને પ્રત્યક્ષ જોયો છે તે બીજાને ઓળખ્યા વિના કેમ રહે? કવિના સંબંધમાં આ નિયમ હમેશાં ખરો પડતો એમ હું નથી કહી શકતો. કોઈ કોઈ ધર્મના નામે તેમને છેતરી જતા. એવા દાખલા નિયમની અપૂર્ણતા નથી સિદ્ધ કરી શકતા, પણ સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન કેવું દુર્લભ છે, એ સૂચવે છે.

આમ અપવાદો છતાં, વ્યવહારકુશળતા અને ધર્મપરાયણતાનો સુંદર મેળ જેટલો મેં કવિમાં જોયો એટલો બીજામાં નથી અનુભવ્યો.

# બાવન પંક્તિના શ્રીગુરુભગવંતના દિવ્યદેહને નમસ્કાર

મા સર્વેશ્વરી

જો કોઇ અજાણ્યા પૂછે કે;

પ્રશ્ન : નવનિર્માણમાં ભૂમિપૂજન કરાવ્યું?

ઉત્તર : હા.

પ્રશ્ન : કયા પ્રસિદ્ધ આચાર્ય પાસે કરાવ્યું? અરે! સ્વર્ગારોહણમાં તો બધા જ સાધકો શાસ્ત્રી અને બધા જ ભક્તો આચાર્ય. બધા જ બાળકો બાવની બોલ્યાં એટલે પૂજન થઇ ગયું.

પ્રશ્ન : આજે પ્રારંભે શું કર્યું?

ઉત્તર : બાવની.

પ્રશ્ન : વૃક્ષારોપણ પ્રસંગે શું કરો છો?

ઉત્તર : બાવની.

પ્રશ્ન : નિત્ય પ્રાર્થનામાં શું ગાવો છો?

ઉત્તર : બાવની.

પ્રશ્ન : સ્વર્ગારોહણમાં આજકાલ કઇ કઇ ઋતુઓ ચાલે છે?

ઉત્તર : સેવાની ઋતુ, બાવનીની ઋતુ, સત્સંગ—દર્શનની ઋતુ.

પ્રશ્ન : આજકાલ સ્વર્ગારોહણનો મુખ્ય કાર્યક્રમ શું હોય છે?

ઉત્તર : ઉત્તરમાં કહી શકાય બાવની.

જ્યાં ને ત્યાં દરેક પર્વે,—દરેક પ્રસંગે, દરેક પ્રારંભે વિવિધ ક્ષેત્રે માત્ર ને માત્ર બાવનીનું જ ગાન, બાવનીના જ પાઠ.



સૌ ગાતા રહે છે, એ બાવન પંક્તિની શ્રી ગુરુભગવંતની પ્રશસ્તિ. એ બાવન ફૂલોની ફૂલમાળા.

સૌ એ બાવન પંક્તિની સ્તુતિમાળ ગાઇ ગાઇને શ્રી ગુરુભગવંતની ષોડષોપચાર પૂજા કરી રહ્યા છે.

એ બાવન પંક્તિની સ્તુતિમાળ જાણે શ્રી ગુરુભગવંતની વાઙ્મયી આરતી છે. એ સ્તુતિની બાવન જ્યોત એક એક જાણે જીવોના સર્વ પાપોને શોધી શોધીને ભસ્મીભૂત કરતી સંહારક શક્તિ.

એ સ્તુતિની બાવન પંક્તિ જાણે એ શ્રી ગંગાજળના બાવન તામ્રપાત્રો. જેનાથી શ્રી ગુરુભગવંતના શ્રી ચરણકમળનું પ્રક્ષાલન કરી રહ્યા છે.

આ સ્તુતિની બાવન પંક્તિ સર્વોત્તમ બીજ છે. જેની સ્વર્ગારોહણની ધરતીના કણ કણમાં વાવણી થઇ રહી છે. કોઇક ધન્ય ક્ષણે એ ઊગશે, એ ફળશે, એ અમરવેલ ઉપર દર્શનનું સર્વોત્તમ ફળ પણ એક ધન્ય ક્ષણે પ્રાપ્ત થશે જ.

નાનાં, મોટા, યુવાનો સૌને એ સ્તુતિ પ્રિય લાગે છે. મુખપાઠ પણ થઇ ગયો છે.

એ પાવન સ્તુતિ સ્વર્ગારોહણના પ્રારંભકાર્યે જાણે શ્રી ગુરુભગવંતનું સ્તોત્ર બને.

સ્વર્ગારોહણના પૂર્ણવિરામ પામતાં કાર્યમાં એ હર હર મહાદેવ હરનું જયઘોષ (એ પાવન સ્તુતિ) બની જાય છે.

વૃક્ષદેવતાનાં વિસર્જન પર્વે એ પાવન સ્તુતિ ક્ષમાપન સ્તોત્ર બની જાય છે.

તો વૃક્ષદેવતાનાં સ્થાનાંતરમાં અ પાવન સ્તુતિ ગૃહપ્રવેશના વાસ્તુના શ્લોકો બની જાય છે.

સર્વ નાના મોટા પ્રસંગોની વધામણીનો એ મંગલ દીવો બની જાય છે.

ત્રિતાપે શેકાતાં સાધકો માટે એ પાવન સ્તુતિ હિમશિલા બની જાય છે.

સર્વ પ્રકારના અસાધ્ય રોગોનું એ અમોઘ, અક્સીર ઔષધ બની જાય છે.

દર્શનની સૂક્ષ્મ સીડી પણ આ જ સ્તુતિ.

મોક્ષનું સર્વોત્તમ સાધન પણ આ જ સ્તુતિ.

ભક્તોનું કલ્પવૃક્ષ પણ આ જ સ્તુતિ.

હા! આ જ સુધી અનેક ભક્તોની શુભકામના આ જ સ્તુતિએ કલ્પવૃક્ષ બનીને પૂર્ણ કરી છે.

આ સ્તુતિનો એક એક અક્ષર જાણે ભવસાગર પાર કરતી એક એક નૌકા.

આ સ્તુતિ જાણે શ્રી ગુરુભગવંતનો ચિન્મય આવિર્ભાવ.

એ સ્તુતિની પ્રથમ પંક્તિ છે શ્રી ગુરુભગવંતનું મસ્તક.

**શ્રી યોગેશ્વર જય ગુરુદેવ**

તો એ સ્તુતિની અંતિમ પંક્તિ છે શ્રી ગુરુભગવંતના ચરણ-કમળ.

**રક્ષો ભવસાગરતણા વિઘ્નો થકી તમામ.**

એ સ્તુતિ શ્રી ગુરુભગવંતની શેષશૈયા છે. શ્રી ગુરુભગ-વંતનો દિવ્યદેહ વિશ્રામ લેતાં લેતાં એ બાવન પંક્તિના આસને પ્રસરી રહ્યો છે.

એ સ્તુતિ શ્રી કૃષ્ણપ્રભુની વાંસળી. અરે! શ્રી ગીતાજીનું સુખ ધરનારી છે.



એ સ્તુતિમાં ભગવાન શિવજીનું શિવમહિમ્નસ્તોત્ર પણ પથરાયેલું છે.

અરે! પરાત્પરશક્તિનું દુર્ગાસપ્તશતિનું રસાયન પણ આ જ સ્તુતિમાં મળે છે.

એ સ્તુતિની બાવન પંક્તિ જાણે બાવન અવતારોની લીલા-કથા સંભળાવતું ભાગવત છે.

સ્વર્ગારોહણના નવનિર્માણની કરોડરજ્જુ પણ આ બાવન પંક્તિની સ્તુતિમાળ જ બની રહી છે.

એ સ્તુતિમાળમાં સર્વેશ્વરીના સુખધામ બીરાજે છે, વિહરે છે.

જેટલા અક્ષરો એટલા શ્રી ગુરુભગવંતના ચરણકમળ છે, કર્ણ કમળ છે. એટલે જ એ અગણિત કર્ણપ્રદેશે સૌની સ્તુતિનું શ્રવણ કરી લે છે. અગણિત નેત્રપ્રદેશે સૌને જોયા કરે છે, માણ્યા કરે છે. અગણિત કરકમળથી સૌને અખંડ આશીર્વાદ ધર્યા કરે છે. અગણિત ચરણકમળથી દોડી દોડી સૌના દુઃખ દળતા રહે છે. એ સ્તુતિમાં કેટલાંક અભય વચનો પણ જઈને વસ્યાં છે.

૧. શાંતિ મળે.

૨. ચિંતા ટળે.

૩. જડતા ટળે.

૪. ભીતિ ટળે.

૫. વહન થાય છે યોગક્ષેમ—મનોરથ બને સફળ તમામ. આ પાંચ મહાતીર્થ ભક્તોના પ્રાણસમા છે.

એ સ્તુતિ બાવન ઓરડાનો રાજમહેલ છે. જેમાં શ્રી ગુરુ-ભગવંતનો નિત્ય નિવાસ છે.

એ સ્તુતિ બાવન કલ્પવૃક્ષનું તારક ઉપવન છે.

દરેક અક્ષરના વળાંક એ શ્રી ગુરુભગવંતની ત્રિભંગી અવસ્થા છે.

હે! બાવન પંક્તિના શ્રી ગુરુભગવંતના દિવ્યદેહ આપને નમસ્કાર. વારંવાર નમસ્કાર. નમસ્કાર હે ગુરુભગવંત આપના પ્રકટ સ્વરૂપને. પ્રણામ, પ્રણામ, પ્રણામ.


સંસારને તરવાની કળા જાણી લો, સદ્ગુણ તથા સુવિચારથી સંપન્ન બનો, ઈશ્વરસ્મરણ કે ભક્તિનો આધાર લો.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

દીપક સી. મહેતા

✤ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ✤

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧




# ગુરુપૂર્ણિમાનિમિત્તે પૂજા—અર્ચનની નવી પ્રણાલિ

**નારાયણ હ. જાની**

પરમ પૂ. મા સર્વેશ્વરીએ આ ગુરુપૂર્ણિમાના દિવસે એટલે તા. ૨૯—૭—૨૦૦૭ ના રોજ ગુરુની પૂજા કેવળ ફૂલહાર ચઢાવવાથી જ થાય, એ માન્યતાને બાજુ પર હડસેલી, ઉપસ્થિત સાધકો પાસે અંબાજી ખાતેના સ્વર્ગારોહણના નવનિર્માણના કાર્યમાં શ્રમ કરાવ્યો. પોતે સ્વયં પણ એમાં જોડાયાં. અરે, પૂ. માએ આ કાર્યથી એ સૂચવ્યું કે ફૂલહાર અને પૂજાઅર્ચન જેટલા જ મહત્ત્વનાં ગુરુનિમિત્તેના કોઇ પણ કાર્યને ભાવપૂર્વક કરો—પછી ભલે તે શ્રમનું હોય કે લેખનનું કે વ્યવસ્થાનું. એ બધાં જ કાર્યો ગુરુની એક પૂજા જ છે. શરત એટલી છે કે વ્યક્તિઓએ પોતાના પદ, પ્રતિષ્ઠા, પૈસા વગેરેનું અહં છોડી, કેવળ પૂ. મા—પ્રભુની પ્રસન્નતા માટેના ભાવથી તે શ્રમ કરેલો હોવો જોઇએ. સાધકોએ પણ એમ જ કર્યું. પૂ. મા તેથી પ્રસન્ન પણ થયાં.

આમ તો ગુરુપૂર્ણિમા એટલે સાધકો કે ભક્તો માટે પોતાના ગુરુ પ્રત્યે ઋણ અદા કરવાનો દિવસ. સાથે સાથે ગુરુની કે ગુરુના સ્વરૂપની પૂજા—અર્ચના કે તેઓની લીલાઓ તેમ જ મહિમાના ગાનનું પર્વ. આ દિવસે એક એવી પ્રણાલિ પણ પ્રચલિત બની છે કે આજના અર્થયુગમાં ગુરુના ચરણે આર્થિક ભેટ તો ધરવી જોઇએ. તો તેઓના આશીર્વાદ મળે.

મહાત્મા શ્રી યોગેશ્વર પરિવારમાં પણ અગાઉ પૂ. ગુરુદેવના સ્વરૂપનું શાસ્ત્રોક્ત મંત્રોથી પૂજન અર્ચન થતું. કેન્દ્રોમાંથી ભક્તો પણ સારી સંખ્યામાં આવતા. તેમ જ ખૂબ ભક્તિભાવપૂર્વક ઉજવણી થતી.

**કોઈ આર્થિક ભેટ નહિ**

પૂ. મા શ્રી સર્વેશ્વરીએ છેલ્લાં કેટલાક વર્ષોથી આ દિવસે કોઈ પણ આર્થિક કે બીજી ભેટ નહિ સ્વીકારવાનો આદેશ જારી કર્યો છે. તેમ જ ગુરુપૂર્ણિમાથી પૂ. શ્રીના જન્મદિન ૧૫–ઓગસ્ટ સુધી, ટ્રસ્ટમાં પણ આ નિમિત્તે કોઈ પ્રકારની ભેટ નહિ લેવાની પ્રથા અમલી કરી છે. પૂ. મા કહે છે—ગુરુ–શિષ્યનો પારસ્પરિક સંબંધ એ કોઈ લૌકિક સંબંધ નથી. તેથી તેને આર્થિક વ્યવહારો દ્વારા ભૌતિક સ્તર સુધી નીચે ના લઈ જવાય. એ તો એક આત્મિક સંબંધ છે, પવિત્ર સંબંધ છે, જેમાં ગુરુશિષ્યને ભૌતિક પ્રલોભનોમાંથી મુક્ત કરી આત્મિક સંપત્તિના સિંહાસને બેસવાની યોગ્યતા પ્રાપ્ત કરવા તાલીમ આપે છે. એટલે એને વ્યાવસાયિક વહેવારનો સંબંધ ના બનાવાય. પૂ. માની ભૌતિક સંપત્તિ પ્રત્યેની નિર્મોહિતા સિવાય આ શક્ય શી રીતે બની શકે? પૂ. મા કહે છે કે પ્રભુના ચરણે ધરવું હોય તો તમારી ટેવો, કુટેવો, વ્યસનો—ધરી દોને, જેથી તમારું જીવન સારું બને અને પ્રભુના પંથે તમે ઝડપથી ડગલાં ભરી શકો.

દાનની શ્રેષ્ઠ પ્રણાલિ

પૂ. મા પાસે ઘણા સાધક ભાઈબહેનો આવે છે, જેઓ સત્કર્મ માટે આર્થિક રકમો આપવાની ઈચ્છા દર્શાવે છે. પરદેશનાં ભાઈબહેનો પણ સત્કર્મ નિમિત્તે તેમની રકમો સ્વીકારવા પૂ. માને વિનંતિ કરતાં રહે છે.

આવા દાતાઓને પૂ. માની એક જ સલાહ હોય છે કે આદિવાસી ગરીબ ભાઈબહેનોને અનાજ, વસ્ત્ર કે બીજી મદદ કરવાની ઈચ્છા હોય તો અમે જરૂરથી આયોજન કરી આપીએ, પરંતુ શરત એ કે દાતા અથવા તેના પરિવારના સભ્યોએ જાતે



આ પ્રસંગે હાજર રહી પોતાના હાથે જ આ વસ્તુઓનું વિતરણ કરવાનું. વસ્તુઓ આપતી વખતે દાતા તરીકેનો ભાવ ના રાખતાં, અભાવગ્રસ્ત વ્યક્તિઓ પણ પ્રભુનું જ સ્વરૂપ એમ સમજી તેમને વંદન કરીને ભેટની વસ્તુ આપવાની. પૂ. મા કહે છે તેમને માનવ સમજી મદદ આપશો તો સેવા થશે. કિન્તુ જો તેમને નારાયણ સ્વરૂપ માની ભેટ ધરશો તો પૂજા થઈ જશે. એ સમજી લો કે સેવા કરતાં પૂજા એ ચઢિયાતી છે. માનવસેવાથી સત્કર્મ કર્યાનું ફળ મળે, કિન્તુ પૂજાના ભાવથી તે ભક્તિ જ બની જાય. જેનું ફળ પ્રભુપ્રાપ્તિ છે. એટલે પૂ. મા જ્યારે પણ અનાજ, વસ્ત્રવિતરણ કે બીજા સેવા યજ્ઞો—સ્વર્ગારોહણમાં પ્રયોજે, ત્યારે સાધકોને—સહાય સ્વીકારનારાઓ પ્રત્યે ભગવદ્‌ભાવ રાખવા ટકોરતાં જ રહે. માત્ર થોડા દષ્ટિફેર ને સમજ કેળવવાથી કેટલો મોટો ફેર પરિણામમાં પડી જાય? ભલે ક્રિયા એકની એક હોય કિન્તુ ભાવ અને જોવાની દષ્ટિમાં ફેરફાર કરવા માત્રથી—ભૌતિક ફળને બદલે પ્રભુપ્રાપ્તિનું કેવું સરસ ફળ મળી જાય? સદ્‌ગુરુની સહાય વિના આવી દષ્ટિનો ઉઘાડ થોડો થાય?

સાધનાનો માર્ગ કષ્ટમય છે. તેમાં ભારે ઉત્સાહ લગની, તાલાવેલી, શ્રદ્ધા અને પુરુષાર્થની જરૂર પડે છે. યોગની સાધના તો વળી વધારે કપરી છે તેની સિદ્ધિ સારું વરસો સુધી મહેનત કરવી પડે છે. બધા માણસોમાં એવી સતત અને દીર્ઘ મહેનત કરવાની શક્તિ નથી હોતી. એટલે બહુ ઓછા સાધકોને યોગનો માર્ગ પસંદ પડે છે ને તેથી પણ ઓછા તેમાં સફળ થઈ શકે છે. **—યોગેશ્વરજી**

# શ્રમસેવા દ્વારા ગુરુપૂજા

**મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની તા. ૨૯–૭–૦૭ ની રોજનીશીની નોંધ**

આજે તો પ્રણામ પૂજા કરતાં કરતાં સહજ એક પદ લખાવ્યું શ્રીહરિએઃ–

સ્વર્ગારોહણ મને સાંભરે રે લોલ,
જપ તપની આવે સુગંધ જો.
યોગી યોગેશ્વર યોગતીર્થના રે લોલ,
આશીષ આપે એ અખંડ જો. સ્વર્ગા૦
દ્વારે દળાતા દુઃખ દીનતા રે લોલ,
પગલે પગલે પરમાનંદ જો. સ્વર્ગા૦
સેવાથી સર્વ સુખ સામટા રે લોલ,
જીવને વીંટળાતા દીન રાત જો. સ્વર્ગા૦
કુટીયામાં કુકર્મો કાપતા રે લોલ,
પંચદેવ પાડે પોકાર જો. સ્વર્ગા૦
મલકાતા **મા** મળે મારગે રે લોલ,
શિસ્તના સજાવે શણગાર જો. સ્વર્ગા૦
સંસાર સંતાપ સર્વ સળગતા રે લોલ,
પિયરનો પામતા પ્રસાદ જો. સ્વર્ગા૦
માંગ્યું મળે મહાતીર્થમાં રે લોલ,
મથતા માંગો મુક્તિ માળ જો. સ્વર્ગા૦
સર્વમંગલના સ્વામી શામળા રે લોલ,
સર્વેશ્વરીના સુખધામ જો. સ્વર્ગા૦



પ્રભાતે આ પ્રસાદ સૌને ભાવે તેવો મળ્યો છે. એની મોજ નિરાળી છે. જ્યારે ઈચ્છા થાય ત્યારે તે પદસ્વરૂપે ઉતરે. સૌને પ્રસન્ન કરે, તેવો એ પ્રસાદ **મા**ને પણ ભાવ્યો છે.

આજે તો નિર્જળાવ્રત છે. ભક્તો સ્વજનો સૌ પોતાના ગુરુભગવંતને પ્રણામ કરવા પધાર્યા છે. અરે, આજે સેવાદ્વારા પ્રણામ, પૂજા કરવા સૌ થનગની રહ્યા છે. અતિ ઉત્સાહ, અતિ આનંદ, અતિ ઉતાવળા, સૌ જાણે એક રાતમાં નિર્માણ કરી દઈએ! એવી દોડ લગાવી રહ્યા છે.

યુવાન ભાઈબેનોની જાણે શ્રી ગુરુભગવંતની આ સેનાનો તરવરાટ જોતાં જાણે આઝાદીની ચલવળનું સ્મરણ થાય તેવું છે. સૌ સંપથી, પ્રેમથી સેવા નામનો અન્નકૂટ લૂંટાવી રહ્યા છે. જાણે સૌ પોતાના પરિશ્રમદ્વારા એક એક બિંદુ પરસેવાનું ધરીને ધરી વિશુદ્ધ થવાનો મહાયજ્ઞ કરી રહ્યા છે.

સૌને સ્વર્ગારોહણનું સ્મરણ થયું, સૌને ગુરુપૂર્ણિમાનું સ્મરણ થયું, અને સૌને સેવાનું પર્વ છે તે પણ સ્મરણમાં હશે, તો જ સૌ આવી જાય.

કાર્ડ નથી છપાવ્યાં. વર્તમાન પત્રમાં પણ નથી આપ્યું. છતાં સૌ જાણ થતાં જ દોડી આવ્યા છે.

સૌ પોતપોતાના અંતરનો પ્રેમ અને શ્રદ્ધાનો થાળ અર્પણ કરવા પધાર્યા છે.

નાના, મોટા, વડીલો, વૃદ્ધો, બાળકો, એમાં સૌથી મોટી સંખ્યા યુવાન ભાઈબેનોની હતી. જાણે કોઈ યુદ્ધભૂમિમાં લશ્કરી ધોરણે અહીં ક્રમબદ્ધ, શિસ્ત સાથે એકદમ ઝડપી કાર્ય હાથ ધરાયું હતું. અહીં કોઈના હૂકમ, આજ્ઞા કે વટહુકમ પણ ન

હતા. સૌ પોતાની રીતે જોડાઇ ગયા. જેને જેને ઇચ્છા થઇ તે તે પાયામાં ઉતરી પડ્યા. કોઇને વિનંતિ, પ્રાર્થના, આજ્ઞા કે હુકમ કે બળજબરી કશું જ કરવું પડ્યું નથી.

ઝૂકનારા જોયા તો ઝૂકાવનારા વધી ગયા. સૌ પોતાના નામ, ગામ ભૂલી ગયા, પોતાની વિવિધ પદવીઓનું પણ વિસ્મરણ. અરે, પોતાના ફેન્સી કે ઇસ્ત્રીવાળાં વસ્ત્રો બગડશે એ વાત પણ ભૂલી ગયા. ઉદ્યોગપતિ કે કરોડપતિ, રોડપતિ સૌ પોતપોતાના સર્વ અહંકારો સહજ રીતે ઉતારીને—ઉતરી પડ્યા, જોડાઇ ગયા. અરે, સેવા માટેની જાણે સાત્ત્વિક હરિફાઇ હતી!

જ્યાં જરૂર ન હતી છતાં ૧૦, ૧૦, યુવાન ભાઇબેનો કોણ પહેલું? એવી હોડ લગાવતા, હસતાં, રમતાં, ગાતાં કૂદતાં, શ્રી ગુરુભગવંતના નામ સાથે સેવાનું આવાહન વધાવી રહ્યા હતા.

દ્વારમાં જ વીરત્વનું વરદાન પામેલા સૌ અહીં પોતાનું શૂરાતન દર્શાવી રહ્યા છે. ઘરે તો શેક્યો પાપડ પણ ના તોડે તેવા અતિ લાડમાં ઉછરેલા એકના એક સંતાન પણ અહીં નમ્ર સેવકનું રૂપ સજી તગારાં, ડોલ, સીમેન્ટ, કપચી, રેતી કે ઇંટ જેવા રમકડે હથિયાર સાથે સૌ સજ્જ હતા. હોંશ હતી, ગૌરવ હતું, કંઇક કરી છૂટવાની ભાવના હતી, ઘસાઇને ઉજળા થવાનું આ પર્વ હતું. વ્યક્તિગત શ્રક્ભક્તિની જાણે આજે સમૂહમાં ઉજવણી હતી. સૌ પોતપોતાના ઘરેથી સેવાનું ભાથું લાવ્યા અને અહીં સાથે બેસીને સૌએ ઉજાણી કરી.

સંકીર્તન સાથેની સેવા એ જાણે શ્રેષ્ઠ સાધના હશે, સતત સંકીર્તન મુખેથી, હાથથી સતત સેવા જ્યાં ભૂખ, તરસ પણ શાંત થઇ જાય. સ્થળ, કાળ પણ અરે, તારીખ, વાર પણ વીસરી જવાય. પોતાનું નામ, જાતિ કે ઉંમર પણ વીસરી જવાય એવી



એક વીરત્વના ભાવવાળી, શ્વાસે શ્વાસે નવી શક્તિથી સંપન્ન આ જાણે આઝાદ હિન્દની સુભાષચંદ્ર બોઝની સમર્પિત સેના હતી.

હાશ થઇ ગઇ. ગુરુપૂનમે કંઇક કરી શક્યા. અરે, આટલું ને આવું તો કદી કાર્ય કર્યું નથી. છતાં થઇ ગયું. હાથમાં ભલે છાલાં પડ્યાં. પગે ભલે બે પાટા બંધાયા. પણ એ જ આનંદ—જીવન સાર્થક્યનો પરમ સંતોષ સાથે સૌ મસ્તીમાં મસ્ત હતા.

વરસાદ પણ ઝરમર ઝરમર વચ્ચે વરસી ગયો. સ્વર્ગા-રોહણના સાધક જગતને અભિનંદવા એ ઉતરી આવ્યો. વરસી ગયો, છતાં આ સ્વર્ગારોહણની સેવકસેના અણનમ રહી. વરસાદ એનું કર્તવ્ય બજાવે. અમે અમારું કર્તવ્ય બજાવીએ. એ ખુમારી હતી, એમાં શું? એમ માની વિઘ્નોને વળાવવાની—વધાવવાની એક નવી હવા વહી રહી.

એ સમર્પિત સેના વચ્ચે **મા** પણ ઉતર્યાં છે. ઉતર્યા વિના કોઇ ના રહી શકે. સીડીથી ઉતર્યાં. બધા જ બાળકોની સાથે સેવાક્ષેત્રે **મા** પણ સહજ રીતે જોડાઇ ગયાં. એ જ તગારાં, એ જ રેતી, સિમેન્ટ, કપચી, ખુલ્લા પગે **મા** પણ અહીં સેવા સેનામાં સૈનિક તરીકે જોડાઇ ગયાં!

વગર વેતને, વગર રજાએ, અહીં સૌ પોતાની શક્તિનો પરિચય આપી રહ્યા છે. **મા** પણ પોતાની સેવા ત્રણ કલાક આપી શક્યાં છે. શ્રી ગુરુભગવંતની જાણે એ સેવા નામની માળા જપી લીધી છે.

માળાના અનેક પ્રકાર, સેવાની માાળા કરી. દરેક મંત્રે પરસેવાનું એક એક બિન્દુ વહ્યું છે. કેટલા કલાક એ મંત્રની માળા કરી? સવારે ૮:૩૦ થી સાંજે ૬:૦૦ અખંડ મંત્ર—અખંડ સંકીર્તન, થાક્યા વિના, હાર્યા વિના, છટક્યા વના સતત ને સતત સેવામંત્ર જપતા રહ્યા.

એ સેવા પર્વની વિડીયો ઉતરી છે. તે જ પોતાની વાતો રજૂ કરશે.

ત્રણ કલાક પૂ. **મા**એ પાયામાં ઉતરીને સેવા આપી છે. બહાર, ઉપર જે સેવા ચાલી રહી છે જેમાં રેતી, ઇંટની પણ સેવા હતી. મોટી બેનો પણ બધી એ સેવામાં જોડાયાં હતાં. ભાઇઓ અને બાળકો પણ એમાં કાર્યરત હતા.

સાથે કોન્ટ્રાક્ટરના ૨૨ સેવકો પણ હતા. આજનો સેવાનો મંગલ મહોત્સવ સરસ રીતે સફળતાથી પાર પડ્યો.

શ્રીહરિની ઇચ્છા હશે તો સૌ ભાગ લઇ શક્યા. આજે સતત મુલાકાતીઓ પણ હતા. સૌ પાછા ઉડવાના હતા. ઉડવું જરૂરી હતું. તો તે સૌ પણ સતત **મા**ને વીંટળાઇ વળ્યા છે.

**બીજો દિવસ : સ્થળ—સ્વર્ગારોહણ**

**રોજનીશીની તા. ૩૦—૭—૦૭ની નોંધમાંથી**

ગુરુપૂર્ણિમાનો એ સેવામહોત્સવ સતત આંખ સામે રમતો રહ્યો છે. સૌ જાણે એક જ ડાળે બેસી કિલ્લોલ કરી ગયા. ભર્યું ભર્યું સ્વર્ગારોહણ ખાલી કરી ગયા.

સંસાર સૌને પ્યારો, ફરજો સૌને પાછી સાદ પાડીને વાળી ગઇ. એક દિવસ માટે સૌ સ્વર્ગારોહણને સજાવવા આવી ગયા. અરે! સેવાથી પોતાને જ પોતે સજાવી ગયા. સાત્ત્વિક શણગારો પેલી પરમની યાત્રા માટે સજાવી લીધા.

અનંત જન્મોનો મેલ જાણે તીર્થક્ષેત્રની સેવાથી ધોવાઇ ગયો.

વાવાઝોડું આવ્યું ને બધું જ પાછું શાંત થઇ ગયું. યુવાધન ચારે દિશાથી સ્વર્ગારોહણને આંગણે અચાનક ઉતર્યું ને પાછું સેવા—પૂજા પૂર્ણ થતાં જ અદશ્ય થઇ ગયું.



સાચે જ એ દશ્યથી ખુદ સ્વર્ગારોહણ પણ પ્રસન્ન હશે. સ્વર્ગારોહણને જાણે ગઇકાલે જીવતદાન મળી ગયું. સઘળું જાણે ચિન્મય ચિન્મય લાગતું હતું.

શ્રી અનીશભાઇ કોન્ટ્રાક્ટર કહે છે ચાર દિવસનું કામ એક દિવસમાં થઇ ગયું. સ્વર્ગારોહણ છે માટે જ થયું. ચાર દિવસનું કામ એક જ દિવસમાં કોણ કરી શકે? કોણ કરાવી શકે?

શ્રી ગુરુભગવંતે સૌને જાણે શક્તિથી સંપન્ન કરી દીધા. એક એક ભક્તમાં જાણે એક એક શક્તિનો ધોધ વહી રહ્યો. જાણે શ્રી ગુરુભગવંતે અહીં શક્તિસ્વરૂપનું દર્શન કરાવવું હતું, જેથી દરેકમાં અલગ—અલગ શક્તિ ભરી અને પોતાનું ધારેલું બધું જ કરાવી લીધું.

ભારતના વડાપ્રધાન કોઇ ગામડેથી પસાર થવાના હોય અને રાતોરાત પાકો માર્ગ થઇ જાય એવું અહીં જાણે ગુરુભગવંતના આગમનથી તૈયારી રૂપે સૌ ભક્તો જાણે જે કંઇ કરવા ઘટે તે કરી છૂટવા તૈયાર હતા.

સાત ઓરડા અને તેનું ભોંયરૂ નવું થશે એના પાયામાં ૧૬ થાંભલા લોખંડ સાથે સીમેન્ટ ક્રાંક્રિટના ઉભા થયા છે. તે થાંભલામાં રેતી, કપચી, સીમેન્ટ, પાણીનો કોલ પાથરવામાં આવ્યો છે. અને એ ગુરુપૂર્ણિમાના દિવસે સૌએ સાથે મળીને પોતાના જ ભવનનું જાણે પોતે નિર્માણ કરી રહ્યા છે. પોતાના જ ભવનના પોતે જ બ્રહ્મા, નિર્માણ પૂર્ણ થતાં જ પોતે જ એમાં નિવાસ કરશે. ત્યારનો આનંદ સૌનો અલગ—અલગ હશે.

સૌએ જાણે સંપ ને પ્રેમના દર્શન કરાવ્યાં. સૌ પાસે આત્મિક શક્તિનો ખજાનો છે. તેનું સૌને જ્ઞાન થયું.

# ધાર્મિક—આધ્યાત્મિક ક્ષેત્રે જાણવા જેવું

ડૉ. કાલિદાસ પ્રજાપતિ

★ અલબરુનીએ મુસ્લિમજગતમાં ભગવદ્ ગીતા વિશે માહિતી આપી હતી.

★ અશ્વઘોષે બુદ્ધચરિતની રચના કરી હતી.

★ રામેશ્વરમ્ મંદિરની દિવાલ વિશ્વમાં સૌથી વધારે લાંબી છે.

★ આચાર્ય રામાનુજ ૧૨૦ વર્ષ સુધી જીવ્યા હતા.

★ ગાર્ગી બ્રહ્મવાદિની હતાં જેમણે વેદોની કેટલીક ઋચા-ઓની રચના કરી હતી.

★ કર્ણાટકમાં શ્રવણબેલગોલા ખાતે ગોમટેશ્વરની પ્રતિમા છે જે એક જ પથ્થરમાંથી ઘડાયેલી વિશ્વની સૌથી મોટી પ્રતિમાં છે.

★ નર્મદાનદી અમરકંટકના ડુંગરમાંથી નીકળે છે.

★ ડાંગમાં શબરી કુંભમેળો યોજાય છે.

★ કૈવલ્ય એ જૈનધર્મની સર્વોચ્ચ જ્ઞાનની અવસ્થા છે.

★ બ્રહ્મપુત્રા નદી માનસરોવરમાંથી નીકળે છે.

★ હિંદુ ધર્મશાસ્ત્રોમાં ઉપવેદો ચાર છે.

★ શંકરાચાર્યે બ્રહ્મસૂત્ર અને શરીરભાષ્યની રચના કરી હતી.

★ ગોરખનાથ શિખર ગિરનાર પર્વતપર આવેલું છે.

★ ભારતમાં પાંચ પવિત્ર સરોવરો છે. તેમાંનું એક કચ્છમાં આવેલું નારાયણ સરોવર છે.

★ શંકરાચાર્ય આઠમી સદીમાં થઇ ગયા હતા.

★ સંમોહન એ ધ્યાનની વિધિ નથી.



★ આપણને પાંચ જ્ઞાનેન્દ્રિયો છે.

★ નિષ્કુળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ લાલજી સુથાર હતું.

★ દેવાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ દેવીદાન ગઢવી હતું.

★ રામાનંદે ઉત્તરભારતમાં ભક્તિનો જુવાળ પ્રગટાવ્યો.

★ વલ્લભે ગુજરાતના ત્રણે શક્તિપીઠો વિશે સર્જન કર્યું છે.

★ કલ્પસૂત્ર એ જૈનધર્મનો ગ્રંથ છે.

★ ગુજરાતમાં નવરાત્રીનો તહેવાર ચાલતો હોય છે તે સમયે બંગાળમાં કાલીપૂજાનો મહોત્સવ ચાલે છે.

★ અશોકાવશન બૌદ્ધધર્મનું પુસ્તક છે.

★ સાંપ્રદાયિક સદ્ભાવના માટે કબીર પુરસ્કાર અપાય છે.

★ શેખ મોઇનુદ્દીન ચિશ્તી દ્વારા ભારતમાં ચિસ્તી સંપ્રદાય-ની સ્થાપના કરવામાં આવી.

★ હરિદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન અને નાસિકમાં દર બાર વર્ષે કુંભમેળો યોજાય છે.

★ જેસલ તોરલની સમાધિ અંજાર (કચ્છ)માં આવેલી છે.

★ અકબરે 'દીન—એ—ઇલાહી' ધર્મની સ્થાપના કરી હતી.

★ પતંજલિ યોગદર્શનના પ્રણેતા હતા.

★ સંતકવિ દુલાભાયા 'કાગ' દ્વારા 'કાગવાણી'ના આઠ ભાગ રચાયા છે.

# ભક્તિ એ જ જ્ઞાન પરમ

ઉન્મેષભાઈ મહેતા

ભક્તિ એ જ તો જ્ઞાન પરમ,
જાણી લે તું એ જ મરમ!

પ્રેમ વિના નહીં બેડો પાર,
સકળ જ્ઞાનનો આ છે સાર!

બન તું એનો નાનો બાળ,
રાખશે એ જ તારી સંભાળ!

નાંખ તારો એના પર ભાર,
પાર કરાવે એ જ સંસાર!

મનને સ્થિર કરી નિર્મળ ચિત્ત,
પરમ પ્રેમે એ બનશે મિત!

બન તું બસ એનામાં મગન,
લગાવ હૈયામાં એની જ લગન!

આટલું કરી લગાવીશ ધ્યાન,
કૃપા વરસે ભૂલીશ તું ભાન!

એને પામવાની છે રીત આવી,
બતાવી દીધી છે આજ મેં ચાવી!



# સમંદરને પેલે પાર

મા સર્વેશ્વરી

## (દિવસ ૧૫)

પ્રભાત પ્રગટ્યું ને પરિશ્રમે વિદાય લીધી, સ્ફૂર્તિએ આ પ્રસાદીરૂપ બનેલા શરીરમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું.

૩–૪ કલાકના વિશ્રામ દરમ્યાન શ્રીહરિ જાણે પોતાના અલૌકિક સામર્થ્યથી નવજીવન ધરી નિત્ય નવી શક્તિનો સંચાર ધરી દેતા હશે.

ક્યારે એવો શક્તિ સંચાર કરતા આ ચર્મચક્ષુથી પકડાયા નથી. કેવી કુશળતાથી રોજ રોજ શક્તિ ભરી ભરીને છટકી જાય છે.

બાળક માંદગીના બિછાને હોય, કેટલીક વાર ઉંઘી જાય ત્યારે માતા ચૂપચાપ તેના હાથપગે માલીશ કરીને, ઔષધ લગાડીને, શેક કરી લે ને પાછી માતા પોતાના કામ માટે બાળક પાસેથી દૂર જાય. બાળક તો સવારે ઊઠે ત્યારે પાછો રમતો, હરતો ફરતો થઈ જાય.

એ જ રીત અહીં પણ શ્રી હરિ અજમાવે છે. જેવા બાળકો સૂઈ જાય એટલે હળવેથી દરેક યાત્રીના મસ્તકે વેદનાને વળાવનારો હાથ ફરે. સવાર થતાં તો પાછો સ્વસ્થ, સ્ફૂર્તિથી થનગનતો.

અહીં મા અને સૌ યાત્રીઓ નિત્ય પ્રભાતે તાજાં ખીલેલાં પુષ્પો જેવાં જ હોય છે.

ગઈ કાલનો ૧૦ કલાક પ્લેનનો ને તે પછી ૭ કલાક અહીં

બસમાં ફર્યા. ૧૭ કલાક પછી થોડા કલાકના વિશ્રામમાં તો પાછા સૌ તૈયાર.

૧૧ વાગે બસ આવે છે. સૌ બેઠા છે. મા સૌને ચણા ને કેન્ડીનો પ્રસાદ આપે છે.

આજે સવારની પ્રાર્થના થઇ ગઇ હતી. આજે બસ સીધી શહીદ સ્મારકના સ્થળ ઉપર દોડવા માંડી છે.

એનું નામ છે યુ. એસ. એ. એરીઝોના મેમોરીયલ.

શાનું સ્મારક? અહીં માનવના મૂળભૂત હિંસક સ્વભાવે વેરેલો વિનાશ અને તેના અવશેષ.

અરે, સ્મશાનભૂમિ કે સમાધિસ્થાન કે શહીદ સ્મારક.

વેરની વસુલાત લેવાની એ રીત ભારે ભારે આકરી, કઠોર હતી.

યુદ્ધના કારણો શોધતાં જણાયું છે કે અમેરિકાએ જાપાનને ઓઇલ આપવું બંધ કર્યું. એથી જાપાને ચૂપકીદી ને ચાલાકીથી અમેરિકાના આ હવાઇન બંદર ઉપર ભારે હુમલો કર્યો. અમેરિકાની સંરક્ષણ વિભાગની ૧ પાંખ એરીઝોના નામની સ્ટીમરમાં હવાઇના દરિયામાં હતી. તેનો સર્વનાશ જાપાને ગણત્રીના કલાકોમાં કરી દીધો.

વેર કેવો વિનાશ સર્જે ને પ્રેમ કેવો પ્રસાદ ધરે, એ આ પૃથ્વી ઉપર જ ઉઘાડી આંખે જોઇ શકાય.

વેરનો વિનાશ અનેકનાં ઘર વેરાન કરતો ગયો. દેશના સંરક્ષણ વિભાગની કમ્મર તોડવાનું દુષ્કૃત્ય થઇ ચૂક્યું.

૩૫૦૦ થી વધુ સૈનિકો બોમ્બની આગમાં, જાણ્યે અજાણ્યે અગ્નિ સંસ્કાર પામ્યા. અગ્નિજ્વાળામા હોમાઇ ગયા.



એ સ્થાન સ્મશાન ભૂમિ કે અતૃપ્ત આત્માનો લોક! રાષ્ટ્રીય સ્મારક કે શહીદ સ્મૃતિ!

જે માનવું હોય તે માનો, પણ આજે એ સ્થાનમાં યાત્રાની મંડળી સાથે મા પોતે પણ જાય છે.

વિશ્વયુદ્ધની ૩૦ મિનિટની મુવી પણ થીયેટરમાં જોઇ, પછી જ્યાં એ સ્ટીમર સમુદ્રમાં અગ્નિદેવે સમાવી તે સ્થાનમાં બોટમાં લગભગ ૧૦ મિનિટમાં પહોંચી શકાય છે.

અમે પણ સૌ બોટમાં ગોઠવાયાં. અહીં બોટના ચાલક ને સંચાલકોના સફેદ દૂધ જેવાં સ્વચ્છ, સુઘડ, સુંદર યુનિફોર્મ સૌનું ધ્યાન દોરે તેવાં હતાં. માથા ઉપર સરસ ટોપી પણ હતી, જે ગાંધી ટોપીનું સ્મરણ કરાવે તેવી હતી.

સમુદ્રમાં જ્યાં સ્ટીમર હોમાઇ ગઇ તેના ઉપર સ્મારક એ રીતે બનાવ્યું છે કે સમુદ્રમાં પેલી મોટી સ્ટીમરના અવશેષો જોઇ શકાય છે.

અહીં અમારા નવા ગાઇડ લીયો હતા. લીયો થીયેટરની હરોળમાં ઊભા હતા ત્યારે સરોજબેનને કહેતા હતાઃ—

આ તમારા ગુરુ લાગે છે કે? તેમને પેલા બાંકડા ઉપર બેસાડો.

સરોજબેન માને કહે છે. પણ ૫ મિનિટ માટે બેસવાની જરૂર ના જણાઇ.

શ્રી લીયો બોટમાં સાથે હતા. અને શ્રી હાના પણ સાથે હતા.

બે બે ગાઇડ સાથે હતા. સ્મારકની એક દિવાલ ઉપર જે જે વિનાશ પામ્યા તેમના નામોની મોટી યાદી હતી. ત્યાં બે થાંભલા ઉપર ફૂલોની ૩—૪ માળા લટકતી હતી.

વચ્ચે ચોરસ ભાગ ખુલ્લો હતો જ્યાંથી સ્ટીમરનો ભાગ જોઇ શકાય. ત્યાં મા સાથે સૌ ઊભા હતા.

શ્રી હાના અને શ્રી લીયો બન્ને એક ફૂલની માળા માને આપતાં કહે છે મા આ અહીં પાણીમાં પધરાવો.

ઓ શ્રદ્ધાંજલિ આપવાની છે? અને તે પણ પાણીમાં પુષ્પમાળ પધરાવીને? જરા નવાઇ લાગે તેવી વાત છે.

હા, તદ્દન સાચી વાત છે. શ્રી લીયો અને શ્રી હાના બન્ને હવાઇન છે. એમને પણ આ માનવ સંહારની ભારે વેદના છે.

શું એ બન્ને એવું ઇચ્છે છે કે મા એ શહીદોને ફૂલો પધરાવી આશીર્વાદ આપે કે પ્રાર્થના કરે!

હા, એમના મનમાં એ જ વાત હતી. મા એ માળા પધરાવે છે. આપણી મંડળી સહિત મા હાથ જોડી આંખ બંધ કરે છે. સૌ ૐ યોગેશ્વરાય નમઃ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ મંત્રગાન કરે છે.

એ ચોરસ ખુલ્લા ભાગમાં ઘણાં બધા વિદેશી પ્રવાસીઓ પણ ઊભા હતા. સૌ શાંતિથી ભાવવિભોર બનીને જોઇ રહ્યા હતા.

તેમને ખ્યાલ તો આવ્યો હશે કે આ પ્રાર્થના હતી શાંતિ માટેની.

શ્રી લીયો ને શ્રી હાના બન્નેને પણ એક સંતોષ થઇ ગયો.

શહીદ કોઇપણ દેશનો હોય—પ્રાર્થના કરવાની ફરજ બજાવવામાં જ માનવતા સમાયેલી છે.

અહીં વિશેષ નોંધપાત્ર વાત તો એ છે કે અમેરિકામાં કોઇ પણ નદીમાં ફૂલ કે વસ્તુ પધરાવી ના શકાય. નદી કે સમુદ્રને દૂષિત કરવાનો દંડ પણ મળે છે, એટલે જ તો આપણા ગુજરાતી ભાઇઓ પોતાનાં સ્વજનોનાં અસ્થિ ઠેઠ ભારત લાવે છે અને



ઘરમાં જૂના થયેલા પ્રભુનાં સ્વરૂપો પણ ભારતમાં જ પધરાવવા લાવે છે.

અહીં ક્યાંય પણ નદી કે સમુદ્રમાં કશું પધરાવી શકાતું નથી. પછી તે કંકુ હોય કે ચોખા હોય કે શ્રીફળ હોય કે અસ્થિ હોય કે જૂના સ્વરૂપો હોય કે પૂજાનો પૂજાપો હોય. નિયમ છે. સૌ પાળે પણ છે.

એ નિયમ અહીં હળવો હશે. અથવા માત્ર આ જ સ્મારક માટે ખાસ પ્રકારની છૂટ હશે.

બીજી પણ એક વિશેષ નોંધ એ હોઇ શકે કે ભારતથી અમેરિકા આવતા સંતો પૈકી કેટલા હવાઇન ગયા હશે! અને કદાચ ગયા હશે તો તેમાંના કેટલાયે આ રીતે શ્રદ્ધાંજલિ આપીને શાંતિ માટે પ્રાર્થના કરી હશે?

ભારતમાં તે ગમે તે નદિમાં ફૂલ, શ્રીફળ, સ્વરૂપો, પૂજાપો પધરાવી શકો પણ અમેરિકામાં તો કદી ના જ પધરાવી શકાય. એ વાત મા જાણતાં જ હતાં. એટલે માને પણ આ ઘટના જરા વિશેષ નોંધપાત્ર લાગી છે.

આ કલમથી જે જે જરૂરી હશે તે જ નોંધાતું રહે છે એવું પાછળથી વાંચતા લાગે છે.

ફરી પાછા બોટમાં બેસીને આવી ગયાં. બોટના ચાલકની સફેદ ટોપી સરસ હતી. તપાસ કરી તો તે વેચાતી ના મળે તેવી જાણ થઇ.

પણ, શ્રી હાનાએ એ વાત જાણી તો તરત જ તે એવી જ નવી ટોપી મા માટે ખાસ લાવ્યા ને બે હાથમાં તેને સન્માનથી ઉંચકીને, ઝુકીને માને અર્પણ કરી. પાછા વળતા શ્રી લીયો ભારતીબેનને કહે છેઃ—

આ જેને હું ગુરુ કહું છું તે કોઇ વિશેષ વ્યક્તિ લાગે છે. હું એના વિશે વધુ જાણવા માગું છું.

ભારતીબેન થોડી માહિતી આપે છે તો શ્રી લીયો કહે છેઃ—હું પણ ધાર્મિક છું. માની શકું છું. તેમે કેવી રીતે એમને ગુરુ તરીકે માનનો છો?

અને તે સ્થળેથી વિદાય લીધી છે. માર્ગમાં બજાર આવે છે. જ્યાં કામચલાવ મંડપો બાંધી મેદાનમાં દુકાનો મંડાય છે. ગુજરી જેવું. સોમ અને બુધ બે દિવસ તે માર્કેટ ખૂલે છે.

શ્રી હાના કહે અહીં ઘણું સસ્તું મળે છે. સૌ સાથે મા પણ ફરે છે. જેને જે રુચે તે તે સૌ લે છે.

ઘણી બધી દુકાનો ને ઘણી મોટી જગ્યા ખૂબ ચાલવું પડે.

આજે પ્રમાણમાં સારી કસરત સૌને મળી ગઇ છે. સૌ લીલા નાળિયેરનું પાણી પીએ છે. ૪ ડોલરનું ૧ નાળિયેર અહીં થાય છે. અહીં મળે છે તે સૌ પીએ છે.

પછી બીજાં બે કુદરતી દ્રશ્યો દરિયાકિનારે સૌ માણે છે. મા બસમાં જ બેઠા છે.

આજે શ્રી હાના એક વિશ્રામ સ્થળે મા માટે ઠંડા પાણીની નવી બોટલ લાવે છે. બે હાથે ઝૂકીને માને અર્પણ કરે છે. મા તે સ્વીકારે છે.

એ રીતે એક વાર હવાઇનું જાણીતું ફૂલ જાસુદનું માને પ્રસન્નતાથી અર્પણ કરે છે.

આજે આ શ્રી હાના ટોપી નવી મા માટે ખરીદે છે. આજે ઠંડા પાણીની બોટલ મા માટે ખરીદે છે. આજે જાસુદનું ફૂલ મા માટે તોડે છે.



શા માટે? કેમ મા માટે જ એવું કરે છે? આ પ્રશ્નો શ્રી નીરૂબેન છેક સાંજે મોટલ ઉપર આવી ગયા પછી શ્રી હાનાને પૂછે છે, તો શ્રી હાના શું કહે છે? સાંભળો.

શ્રી હાના કહે છે, ‘‘મને મા કંઇક વિશેષ લાગે છે. એમનો પ્રભાવ જ કંઇક જુદો છે. આજે આખો દિવસ મેં એમને જોયા તો મને લાગ્યું કે એમની આંતરિક શક્તિ આવી અદ્‌ભુત છે. તમે બધા કેટલા આદરભાવથી એમને જુઓ છો તે જોઇને મને થયું, મારે પણ એ જ રીતે આદર આપવો જોઇએ. આજે એમણે આખો દિવસ કંઇ લીધું નથી એટલે એમનામાં આત્મબળ ઘણું છે.’’

ઉપરનો જવાબ હવાઇમાં જ જન્મેલા શ્રી હાનાનો છે. હે હરિ! આપ પણ અજબ છો, જ્યાં ત્યાં સૌના અંતરે બિરાજી આપ જ સાનુકુળ બનીને શ્રદ્ધાભક્તિનો, પ્રેમ, સન્માનનો અર્ઘ્ય ધર્યા કરો છો.

અજાણી ધરતી આપને માટે નથી. આપ સૌને જાણો છો. આપ સૌને પ્રેરણા ધરો છો. અરે, આપ જ આપનુ સન્માન કરીને આપ જ આપને અનુકૂળ બનો છો. હે સાનુકૂળ સ્વરૂપે સતત સંનિધિ ધરનાર હરિ, આપને ચરણે પ્રણામ—પ્રણામ—પ્રણામ.

(ક્રમશઃ)

# સાધના ને સેવા કોને કહેવાય?

સંકલન : **બાબા લાલબિહારીદાસ**

પ્રશ્ન : બાબા આપની સાધના શું?

બાબાએ ટૂંકો અને ટચ, પણ સ્પર્શી જાય એવો જવાબ આપ્યો.

“સેવા અને સ્મરણ” એ જ અમારી સાધના છે.

કહ્યું, “બાબા, આપ ખૂબ સારી માનવસેવા કરી રહ્યા છો.”

બાબાએ ઊંચા અવાજે કહ્યું, “હું માનવસેવા નથી કરતો. માનવમાં બેઠેલા નારાયણની સેવા કરું છું. માનવ સેવા એ સાધના નથી; માનવમાં બેઠેલા નારાયણની સેવા જ સાધના બની શકે.”

જે ભગવાનની મૂર્તિની પૂજા તો શ્રદ્ધાથી કરે છે, પરંતુ ભગવદ્‌ભક્તો અને અન્ય લોકોની સેવાસુશ્રૂષા કરતો નથી તે પ્રાકૃત ભક્ત છે.

કિન્તુ કોઈ ભક્ત સર્વત્ર નારાયણ દર્શન કરીને અને નારાયણ સ્વરૂપ માનીને માનવબંધુઓની સેવા કરે તો તેમની સાધના વિષે તો કહેવું જ શું?



# હૈયુ, મસ્તક ને હાથ...

**વર્ષાબેન જોષી**

આપણા મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોષીએ કહ્યું છે કે—

“ત્રણ વાના મુજને દીધા હૈયુ, મસ્તક ને હાથ,
બહુ દઈ દીધું નાથ, જા હવે ચોથું નથી માગવું.”

માણસને દીનાનાથે ત્રણ અજોડ વરદાન આપી દીધા. ત્રણ વાના એવા તાકતવર આપી દીધા કે ચોથી વસ્તુની જરૂર જ ન પડે.

માણસને ઈશ્વરે હૈયું આપ્યું. જેમાં માણસ સંવેદના અને લાગણીનો અનુભવ કરી શકે. માણસનો પ્રેમ હૈયેથી જ પ્રગટે છે. પ્રેમ વગરના માણસને હૈયા વગરનો કહીયે છીએ. જો માણસને હૈયું જ ન હોત તો? તો તે જડ બની જાત. સંવેદના ન અનુભવી શકે. સુખદુઃખની લાગણી સ્પર્શી ન શકે. બીજાનું દુઃખ જોઈને તેને કશું જ સ્પર્શી ન શકે. માણસ અને પથ્થરમાં કશો જ ફરક ન રહેત, જે માણસ હૈયા વિહોણા હોય છે તે ક્રૂર હોય છે. તેવા માણસને સમાજ ધિક્કારે છે.

બીજું આપ્યું છે મસ્તક. મસ્તક એટલે બાહ્ય રીતે દેખાતું માથું નહીં. માણસની બુદ્ધિ, ચાતુર્ય મગજમાં હોય છે. મગજ મસ્તક-માં આવેલું છે. મગજમાંથી બુદ્ધિ પ્રગટે છે. બુદ્ધિના પ્રતાપે સમગ્ર સૃષ્ટિમાં પ્રાણીઓમાં માનવ પ્રાણી શ્રેષ્ઠ ગણાય છે. જંગલી અવસ્થામાંથી માણસ પોતાની બુદ્ધિના વિકાસથી આટલો વિકસ્યો છે. બુદ્ધિથી વિજ્ઞાન વિકસાવ્યું છે. ને ચંદ્રની સફર માણી છે. કુદરતના કેટલાય રહસ્યો તેણે પોતાની બુદ્ધિ ચાતુર્યથી ઉકેલ્યા છે, કમાલ કરી છે માણસની બુદ્ધિએ.

ત્રીજું આપ્યું છે હાથનું વરદાન. હાથદ્વારા માણસ હુન્નર કરે છે. સંવેદના હોય, બુદ્ધિ ચાતુર્ય હોય પણ એને કામે લગાડવા માટેના હાથ ન હોય તો? વિચારેલું સપનું સાકાર કરવા હુન્નર કરવો પડે. ને હુન્નર હાથથી જ થાય.

બસ આ ત્રણવાના આપીને ઈશ્વરે માનવને મહા વરદાન આપી દીધા છે. માનવીમાં શક્તિનો અખૂટ ભંડાર ભરી દીધો છે. એ ભંડારને કેમ વાપરવો? એ માણસ પર છોડ્યું છે. એક વાત ચોક્કસ છે. દરેક માણસમાં ગુપ્ત રીતે શક્તિ પડેલી છે. હૈયા, મસ્તક અને હાથમાં, માત્ર તેને બહાર કાઢીને કેળવવાની જરૂર છે.

જગતના બધા મનુષ્યો હાથનો ઉપયોગ કરીને પ્રવૃત્તિ કરે છે. જીવન નિર્વાહના સાધનો ઉભા કરે છે. પ્રવૃત્તિ કરવા હાથને કામે લગાડવા માટે મગજનો ઉપયોગ કરે છે.

જે માણસ પોતાના મસ્તકનો એટલે કે બુદ્ધિનો વિશેષ ઉપયોગ કરીને હુન્નર કરે છે તે કામ સરળ, સફળ અને વધુ ને વધુ માત્રામાં કરી આપે છે. જે બૌદ્ધિકો, વિજ્ઞાનિકો અને ઉદ્યોગપતિની કક્ષાએ પહોંચે છે.

હૈયામાં લાગણીનો ધોધ વહે છે. પ્રેમ, સંવેદના, ભાવ, અનુકંપા, દયા, ખમીર, ખુમારી, દાનશીલતા, વગેરે હૈયામાં જાગે છે. પુષ્પમાં જેમ સુગંધ ઉમેરાય તો તેની કિંમત વધે છે. એમ મસ્તક અને હાથ સાથે હૈયું ભળે તો માનવ—દેવ બની જાય છે.

જેનામાં હુન્નર હોય, બુદ્ધિ ચાતુર્ય હોય અને હૈયે સંવેદના હોય તે અનોખો માનવી બને છે. એ સમાજમાં મહામાનવ બને છે. સંવેદનની માત્રા જેનામાં વધુ છે તે કલાકાર તરીકે સ્થાન પામે છે. ચિત્રકાર, સંગીતકાર, શિલ્પકાર, નાટ્યકાર, સાહિત્ય-



કાર, સંત—મહાત્મા બને છે. એને સમાજના માનવીઓમાંથી પ્રેરણા જાગે છે. માનવીની વેદના, દુઃખો, યાતનાઓ એ કલા-કારના જીવનમાં અને હૈયે સંવેદન જગાડે છે અને પ્રગટે છે એક કલાકૃતિ.

કોઈને કોઈ શક્તિ માણસમાં ગોપિત રહેલી હોય છે તેને જગાડનાર મળી જાય તો તે ખીલી ઉઠે છે. તેને પ્રેરણા આપનારી કોઈ વ્યક્તિ મળી જાય તો તેના હૈયાના સંવેદનો જાગી ઉઠે છે. તમામ શક્તિ કામે લગાડીને અદ્વિતીય કૃતિનું નિર્માણ કરે છે.

પ્રેરણા જ માનવ સંવેદન જગાડી શકે છે. પ્રેરણા એ બળ છે. પરિબળ છે. મહાન કલાકાર કે માણસની પાછળ આવું જ પ્રેરકબળ પડ્યું હોય છે. જે તેને સતત સિંચતું રહે છે. તેથી જ તેનાં ત્રણેવાનાં ખીલી ઉઠે છે. હૈયુ, મસ્તક ને હાથ બોલો, પછી પ્રેરણા સિવાય કોનો જોઈએ સાથ? હે ઈશ્વર, તેં આ બધું માનવને આપીને મોટો ઉપકાર કર્યો છે, પરંતુ તેને યોગ્ય રીતે પીછાણીને તેનો ઉપયોગ કરનાર કેટલા! તો આ સંપત્તિ પ્રત્યે બાળપણથી જ અભિમુખ કરનાર યોગ્ય માબાપો શિક્ષકો કે સાચા સંતો કેટલા!

# Maa's guidence to a Confused college girl

**Sheetal Narsai**
**30 April, 2007.**

Jai Krupalu Maa,

Maa ne Pranam,

The Yatra to Canada has had a lasting impression on me. I opened up to Maa during a time when everything around me was changing. I just graduated from college and my life was changing and everything seemed unstable. I was confused as to where I wanted to go, and what I wanted to do. It is in these times of confusion and sorrow that people turn to God. I took one step towards God, and God took a leap towards me. In this past year, I have come to realize that the only thing stable in life is God. He is undying, unchanging, and the only thing that is permanent.

So many of Maa's words and lessons in life, are still with me. I will share a few that I hope will inspire you, as much as they have inspired me. Yatra teaches you the purpose of life, and the road to God.

Maa told us, "if you are ever in trouble, call on Prabhu, and he will come down and help you." Our faith was tested in Canada. We got a



flat tire, and our bus driver said it would be difficult to find the part to fix the tire because it was rare and we were in an isolated area. We decided to test Maa's words through Bhajan and prayer. Needless to say, with a few hours, our bus was fixed and we were on to our next destination.

I decided to test her words in my own way. I asked, "If I don't understand Gujarati well, how am I supposed to move closer to God (when most lectures are not in English?)" Within minutes I got an answer. Hiteshbhai, of Canada told me to read a book in English, titled **Ramakrishna and his Disciples.** If you want to move towards God, and ask, God will never say. "No!" But instead, God will shower you with love, and send one of her messengers in her many forms. You just have to be aware and conscious to see them, and receive them.

Lastly, Maa took us to many beautiful places in Nature. I questioned. "Why?" Prabhu said in **Steps Towards Eternity**, "What is Nature. If not a big university?" Nature is our teacher. Nature teaches us about life and Her laws. Maa told us. we are all made up of the same elements as in Nature. Earth is our body, water is the blood in our veins, fire is the heat in our body, air is our breath, and ether is every thing else in our

atoms.

Being silent in Nature is the best way for me to connect with God. I learn so much by studying the simple blossom of a rose, or studying the growth of a tree. What's the purpose of a rose? It grows, it blossoms, and shares it's beauty with the world and then it goes back into the earth it came from. Just like a rose, we come into this world for a short time, and then we have to go back into the earth. So, just like the rose, we should strive to share our beauty, feed others nectar, and give inspiration to others while we are here. When I am troubled, and Maa is not with me in physical form, I go to Nature and find her within me–I will get an answer.

Thank you Maa for opening my eyes to Truth. Keep me with you always. Whenever the veils of ignorance cover my eyes and I start going down the wrong path in life, show me light and bring me back to you! I pray that you give me strength, courage, discipline and wisdom, so that I can be a better instrument in your hand.



# મૂંઝવણ અનુભવતી કોલેજ કન્યાને માર્ગદર્શન

અંગ્રેજી સંપાદન : **શીતલ નરસાઇ**
ગુજ.અનુવાદ : **તંત્રી**

જય કૃપાળુ મા,

માને પ્રણામ.

કેનેડાની યાત્રા મારા પર કાયમી છાપ છોડી ગઇ. મારી આસપાસની બધી જ વસ્તુ જ્યારે બદલાઇ રહી હતી તે સમયે માના સંપર્કમાં આવી. હું તે સમયે કોલેજમાંથી ગ્રેજ્યુએટ થઇ હતી અને મારું જીવન બદલાઇ રહ્યું હતું. તેથી બધી જ વસ્તુઓ અચોક્કસ લાગતી હતી. હું એ બાબતમાં મૂંઝવણ અનુભવતી કે મારે ક્યાં જવું? અને મારે શું કરવાનું છે? આ એ ગૂંચવણભરી અને દુઃખદાયક પરિસ્થિતિ હતી જ્યારે દુઃખમાંથી માર્ગ શોધવા લોકો ઈશ્વર તરફ વળે છે. મેં ઈશ્વર પ્રત્યે એક ડગલું માંડ્યું અને ઈશ્વરે મને ઉંચકી લીધી. આ છેલ્લા એક વર્ષમાં મેં એવું અનુભવ્યું છે કે જગતમાં કોઇ સ્થિર વસ્તુ હોય તો તે માત્ર ભગવાન જ છે. તે અમર, અપરિવર્તનશીલ અને કાયમી છે.

પૂ. માએ ઘણા બધા જીવન વિષે કહેલા ઉપદેશના શબ્દો મારી સાથે છે. તેમાંના કેટલાંક અહીં રજૂ કરીશ જે મારી જેમ તમને પણ પ્રોત્સાહિત કરશે. યાત્રા આપણને જિંદગીનો અર્થ સમજાવે છે અને પ્રભુ પ્રત્યેનો માર્ગ પણ ચીંધે છે.

પૂ. માએ અમને કહ્યું છે કે જ્યારે કદી પણ તમે મુશ્કેલીમાં હોવ ત્યારે પ્રભુને પોકારજો, તે આવશે અને તમને મદદ કરશે. અમારી આ શ્રદ્ધાની કેનેડામાં ચકાસણી થઇ. અમારી બસના ટાયરનું પંચર થયું અને બસના ડ્રાયવરે કહ્યું કે ટાયરને ફીટ

કરવા માટેનું સાધન અહીં મળવું મુશ્કેલ છે, કારણ કે તે (વપરાશમાં ન હોવાથી) ભાગ્યે જ મળે તેવું હતું અને અમે એકાંત સ્થળમાં હતાં. એટલે અમે પૂ. માના ઉપદેશના શબ્દોની ભજન અને પ્રાર્થના દ્વારા ચકાસણી કરવાનું નક્કી કર્યું. થોડાક કલાકોમાં અમારી બસનું ટાયર ફીટ થઇ ગયું અને અમે અમારા પ્રવાસના બીજા સ્થળે જવા ઉપડી શક્યા.

પૂ. માના ઉપદેશના શબ્દોનો મારી રીતે ચકાસવાનું નક્કી કર્યું. મેં પૂછ્યું કે હું બરાબર ગુજરાતી સમજતી નથી તો હું કઇ રીતે ભગવાનની પાસે પહોંચી શકું? કારણ કે પૂ. પ્રભુના મોટા-ભાગનાં પ્રવચનો ગુજરાતીમાં છે થોડીક જ ક્ષણોમાં મને તેનો જવાબ મળ્યો, કેનેડાના શ્રી હિતેષભાઇએ મને કહ્યું કે, ‘તું રામ-કૃષ્ણ અને તેના શિષ્યો વિશેનું પુસ્તક અંગ્રેજીમાં વાંચ.’ તમારે જો પ્રભુના માર્ગે આગળ વધવું હોય તો, માંગો પ્રભુ કદી ના નહિ કહે. તેથી ઉલટું પ્રભુ તમને પ્રેમથી ભીંજવી દેશે અને પોતાના ઘણા બધા સ્વરૂપોમાંથી કોઇએક પ્રતિનિધિને તમારી પાસે મોકલી આપશે. તમારે ફક્ત તે અંગે સભાન, અને જાગ્રત રહી તેમને ઓળખવા જોઇએ અને તેમનો સ્વીકાર કરવો જોઇએ.

છેલ્લે, પૂ. મા અમને કેટલાંક સુંદર પ્રકૃતિના સ્થાનોમાં લઇ ગયાં. મેં પ્રશ્ન કર્યો કે, મા! આવા સ્થાનમાં જ શા માટે? તો પૂ. માએ કહ્યું કે પૂ. શ્રીએ ‘પ્રકાશના પંથે’માં કહ્યું છે કે શું કુદરત જ એક મોટી યુનિવર્સિટી નથી? કુદરત એ આપણો મોટામાં મોટો શિક્ષક છે અને તે આપણને જીવન અને કુદરતના નિયમો વિશેનું જ્ઞાન આપે છે. પૂ. માએ કહ્યું કે ‘જે તત્ત્વોથી કુદરત બનેલી છે, તે જ તત્ત્વોથી આપણે પણ બનેલા છીએ. આ શરીર પૃથ્વીતત્ત્વનું છે. નસોમાં વહેતું લોહી જળતત્ત્વનું છે, અને



શરીરની ઉષ્મા એ અગ્નિતત્ત્વ છે, આપણઓ શ્વાસ એ વાયુતત્ત્વ છે. અને આકાશ તત્ત્વ આપણા અણુએ અણુમાં બધે જ રહેલું છે.

ઈશ્વર સાથેનાં અનુસંધાન માટેનો શ્રેષ્ઠ માર્ગ મારે માટે એ છે કે હું કુદરતમાં શાંત બની બેસી રહું. એક સાદા ખીલતા ગુલાબ-નો કે વધતા વૃક્ષનો અભ્યાસ કરી હું ઘણું બધું શીખી શકું. ગુલાબને ખીલવવા પાછળનો હેતુ શો છે? તે ઉગે છે. વિકસિત થાય છે અને પોતાના સૌંદર્યની દુનિયાને લ્હાણ કરે છે અને પાછું માટીમાં ભળી જાય છે. તે ગુલાબની જેમ જ આપણે પણ થોડા સમય માટે પૃથ્વીતત્ત્વમાં ભળી જઇએ છીએ. આપણે પણ ગુલાબની જેમ જ્યાં સુધી જીવીએ, ત્યાં સુધી બીજાઓને આપણા સૌંદર્યની વહેંચણી કરવી જોઇએ, બીજાઓને અમૃતપાન કરાવવું જોઇએ અને પ્રેરણા આપવી જોઇએ. જ્યારે હું મુશ્કેલીમાં હોઉં અને પૂ. મા ભૌતિક રીતે મારી પાસે ન હોય ત્યારે હું કુદરત પાસે દોડી જાઉં છું અને તેમને મારા અંતરમાં અનુભવું છું. અને મને મારા પ્રશ્નનો જવાબ મળી જાય છે. પ્રભુના સત્ય સ્વરૂપ પ્રત્યે મને જાગ્રત કરવા માટે પૂ. મા હું આપનો આભાર માનું છું. મને હંમેશા આપની સાથે જ રાખશો. જીવનમાં કદી પણ અજ્ઞાનનું આવરણ મારી આંખોને ઢાંકી દે અને જીવનમાં કદીપણ ખોટા માર્ગે ચાલું તો હે મા! મને પ્રકાશ આપજો અને ફરી આપના ચરણોમાં મૂકી દેજો, હું પ્રાર્થના કરું છું કે હે મા! તમે મને શક્તિ, હિંમત, શિસ્ત અને જ્ઞાન આપજો જેથી હું આપના હાથમાં પરલોક હિતનાં કાર્યો કરવામાં સારું સાધન બની શકું.

# એક સૂફી વિદ્યાર્થી

ભાણદેવજી

[શ્રી ભાણદેવજી સારા ને સાચા સાધકમાંથી સંતકોટિએ પહોંચેલા છે. તેઓએ ભારતના હિમાલયના ઉંડા સ્થાનોમાં તેમ જ બીજે વસતા સંત મહાત્માઓ પાસે પહોંચી જઈ, સત્સંગ કરી, પ્રાચીન ભારતનો સાધના પરંપરા પ્રમાણે આજે પણ જીવતા—એકાંતમાં વસતા સાચા મહામાનવોનો પરિચય કરાવતા પ્રસંગો લખ્યા છે. અહીં આપેલ પરિચય એક ઈરાનના મુસ્લીમ સૂફી સંત વિદ્યાર્થીનો છે. શ્રી ભાણદેવજીના ભારત યાત્રાના પાવક પ્રસંગો પુસ્તકમાંથી તે લીધેલ છે.

પાતંજલ યોગદર્શનમાં સાધનપાદમાં ૩૫ મું સૂત્ર છે.—

**अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।**

જે મહાપુરુષો અહિંસામાં સારી રીતે પ્રતિષ્ઠિત થયેલા હોય છે, તેમની સમીપમાં પ્રકૃતિથી ક્રૂર એવાં પ્રાણીઓ પણ સ્વભાવ-ગત હિંસક પ્રકૃતિનો ત્યાગ કરી દે છે. જેવાં કે સાપ અને નોળિયો, હરણ ને વાઘ આશ્રમ પરિસરમાં સાથે જ—પરિવારના સભ્ય જેમ રહે છે.

એવી જ રીતે અહીં એક સૂફી વિદ્યાર્થીએ જે પ્રયોગ કર્યો છે, તે 'પ્રેમ'નો છે. કોઈ પણ પ્રકારના ભય વગર, કેવળ પ્રેમભર્યા સ્પર્શથી જ—ઝેરી સાપ અને વીંછી જેવા ડંખ દેતા જીવો પણ—પોતાનો કરડવાના સ્વભાવનો ત્યાગ કરી દે છે, તેની વાત શ્રી ભાણદેવજીએ સરસ રીતે કરી છે.

વળી હિંદુજનસમાજમાં એવી ગ્રંથી કામ કરતી જોવામાં આવે છે કે બધા જ મુસ્લીમો—ધર્માંધ ને કટ્ટરવાદી હોય છે—તે વાતને આ યુવાને ખોટી પાડી છે. યોગ શીખવા માટે તેને ભારત મોકલનાર તેના ગુરુ ખરે જ અભિનંદનના અધિકારી છે.

શ્રી ભાણદેવજી હયાત છે ને તેઓનો હાલ આશ્રમ મોરબી પાસેના રફાળેશ્વરમાં છે. **—તંત્રી**]



તે દિવસોમાં હું કૈવલ્યધામ, લોનાવાલામાં રહેતો હતો. કૈવલ્યધામની યોગકોલેજના વિદ્યાર્થીઓને યજ્ઞ, પૂજા આદિ ક્રિયાયોગ અને યૌગિક ક્રિયાઓનું શિક્ષણ આપવાની કામગીરી મારે ભાગે હતી. આ કાર્ય સવારમાં બે કલાક ચાલતું. બાકીના સમયે હું મારા સ્વાધ્યાય—સાધનમાં તલ્લીન રહેતો. કૈવલ્ય-ધામની ચારે બાજુ પહાડો અને જંગલ છે. આ વિસ્તાર સહ્યાદ્રિ પર્વતમાળાનો ભાગ છે. સંસ્થાની બાજુમાં જ એક વિશાળ સરોવર પણ છે. કોઈકવાર દિવસે કે કોઈવાર રાત્રે હું આ પહાડોમાં ફરવા નીકળી પડતો.

આવી જ રીતે એક રાત્રે હું એક પહાડી પગદંડી પરથી પસાર થઈ રહ્યો હતો. ચાંદનીનો પ્રકાશ હતો. મેં જોયું તો આ પગદંડીની વચ્ચે જ મારો એક વિદ્યાર્થી બેઠો છે. માથું નીચે રાખીને ઊભડક પગે બેઠો છે. જાણે જમીનમાંથી કાંઈ શોધતો કે કાઢતો હોય તેમ લાગ્યું.

આ વિદ્યાર્થી ઈરાનનો વતની છે, અને ઈરાનથી યોગ શીખવા માટે અહીં આવ્યો છે. શિયાપંથી મુસ્લિમ છે, પરંતુ સૂફી પરંપરાનો અનુયાયી છે. તેમના સૂફી ગુરુની સૂચનાથી અહીં ભારતમાં કૈવલ્યધામમાં યોગ શીખવા માટે આવ્યો છે. મુસ્લિમ હોવા છતાં સૂફી હોવાથી, અને તેથીયે વિશેષ તો સાચો અધ્યાત્મ—જિજ્ઞાસુ હોવાથી ઘણો ઉદાર, સહિષ્ણુ અને સૌમ્ય છે.

યૌગિક ક્રિયાઓ તો બહુ રસપૂર્વક શીખે છે, પરંતુ પૂજા અને યજ્ઞના વર્ગોમાં પણ નિયમિત હાજરી આપે છે. સૌની સાથે વૈદિક મંત્રો બોલવાનો પણ પ્રયત્ન કરે છે. પ્રણવનાદ તો ખૂબ સારી રીતે શીખી ગયો છે.

તેનું ગૌરવર્ણનું ઊંચું શરીર, લાલસુરખી યુક્ત ચહેરો, મોટી આંખો, કાળી દાઢી, લાંબા વાંકડિયા વાળ—તેનો સમગ્ર દેખાવ તેની સાત્ત્વિકતાની સાખ પૂરે છે. આવી રીતે રાત્રે ફરવા નીકળ્યા હોઈએ ને અચાનક ભેટો થઈ જાય તેવું તો આ પહેલાં પણ અનેકવાર બન્યું છે. પણ આજની તેની અવસ્થા થોડી વિચિત્ર લાગી.

નજીક પહોંચીને મેં જોયું કે આ બિરાદર અહીં શું કરે છે, પણ સમજાયું નહિ. તેણે મારી સામે જોઈને કહ્યું, "નમસ્તે!" અને તુરત પોતાના કોઈક મહત્ત્વપૂર્ણ કાર્યમાં વ્યસ્ત થઈ ગયો.

મેં તેને પૂછ્યું, "શું કરે છે?"

"આ વીંછી પકડું છું. આ વખતે હું હવે વીંછી પર પ્રયોગ કરવા ધારું છું."

હાથમાં બે નાની વાંસની સળીઓ લઈને તે એક મોટા કાળા પહાડી વિંછીને પકડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. થોડી મથામણ પછી, આખરે તેણે વિંછીને બંને વાંસની સળીઓ વચ્ચે દબાવીને પકડી લીધો. "હું આ દોસ્ત પર આજે પ્રેમનો પ્રયોગ કરવા ઇચ્છું છું" એટલું કહીને તે વિંછીને લઈને છાત્રાલય તરફ ચાલતો થયો. હું મારા માર્ગે પહાડ પર ચાલતો થયો.

આ સૂફી વિદ્યાર્થી ઘણો વિશિષ્ટ પ્રકારનો માનવી છે. એક મુસ્લિમ હિન્દુયોગવિદ્યા શીખવા આવે તે જ એક મોટું આશ્ચર્ય છે. કૈવલ્યધામમાં ખ્રિસ્તી, બૌદ્ધ, યહુદી આદિ ધર્મના અનેક



વિદ્યાર્થીઓ યોગવિદ્યા શીખી ગયા છે, પરંતુ એક મુસ્લિમ યોગવિદ્યા શીખવા આવે અને એક વર્ષ સુધી રહે તેવી તો આ પ્રથમ ઘટના છે. સૂફીઓના પણ અનેક સંપ્રદાયો છે. પોતાની સાંપ્રદાયિક પરંપરા પ્રમાણે તે કાળાં વસ્ત્રો પહેરે છે. તેની આંખો આખો દિવસ ધ્યાનમાં તલ્લીન હોય, તેમ લાગે છે, બહુ ઓછું બોલે છે. સૌની સાથેનો તેનો વ્યવહાર સૌજન્યશીલ લાગે છે. અંગ્રેજી સારું જાણે છે. વ્યક્તિત્વ બુદ્ધિશાળી અને પ્રાણવાન છે. યોગવિદ્યા બહુ રસપૂર્વક શીખે છે. એકાંતપ્રિય હોવા છતાં સૌના સ્નેહનું પાત્ર બની ગયો છે.

લોનાવાલામાં વરસાદ ખૂબ પડે છે. આજુબાજુ ચારે તરફ પહાડો અને જંગલો છે. કૈવલ્યધામ તો ગામથી દૂર એક પહાડની ગોદમાં વસેલું છે. આ સર્વ પરિબળોને કારણ અહીં કૈવલ્ય-ધામમાં સાપ વિંછી આદિ ઝેરી જીવોનું પ્રમાણ ખૂબ છે. ચોમાસાના અંતિમ મહિનામાં તો ભાગ્યે જ કોઈ દિવસ એવો પસાર થયો છે, જ્યારે અમને એકાદવાર પણ સાપનાં દર્શન થયા ન હોય. કાળારંગના લાંબા કદના પહાડી વિંછીઓ પણ ખૂબ નીકળે છે. શરદ ઋતુ અને ગ્રીષ્મ ઋતુમાં અહીં વીંછી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

ઈરાનથી આવેલા આ સૂફી વિદ્યાર્થીએ અહીં આવીને નવા પ્રયોગો શરૂ કર્યા છે. જંગલમાં ફરવા નીકળે અને એકાદ ઝેરી સાપને શોધી કાઢે છે. આ સાપને પકડીને તે પોતાના રૂમ પર લાવે છે. પોતાની પથારી પર સાપને મૂકે અને જેમ નાના બાળકના વાંસામાં માતા પ્રેમથી હાથ ફેરવે અને બાળકને શાંત કરે તેમ તે સાપના શરીર પર બહુ પ્રેમથી હાથ ફેરવે છે. સાપને પકડવા નીકળે ત્યારથી માંડીને આખા પ્રયોગ દરમિયાન તે

સતત પોતાના ચિત્તમાંથી પ્રેમના સ્પંદનો છોડ્યા કેર છે. આ આખી ઘટના દરમિયાન ધ્યાનની એક વિશિષ્ટ અવસ્થામાં રહે છે. સ્નેહપૂર્ણ વિચાર, સ્નેહપૂર્ણ સ્પર્શ અને તેના પાયામાં રહેલી ચિત્તની ધ્યાનમગ્ન અવસ્થા—આ બધાને પરિણામે સાપ શાંત થઇ જાય છે. નાનું બાળક શાંત થઇને જેમ પથારીમાં સૂઇ જાય તેમ ઝેરી સાપ પણ સાવ શાંત થઇ જાય છે. સાપ શાંતિની અવસ્થામાં આવે એટલે તે સાપ પરની પોતાની પકડ દૂર કરી દે છે. માતાના સ્નેહાળ હાથથી બાળક જેમ શાંત થઇ જાય છે, તેમ આ સૂફીના સ્નેહાળ હાથથી સાપ શાંત થઇ જાય છે.

સ્નેહાળ વ્યવહારથી ગાય, બળદ, હાથી આદિ પ્રાણીઓને શાંત બનાવવાના પ્રયોગો સાંભળવામાં અને ક્વચિત જોવામાં પણ આવે છે. પરંતુ સાપ અને વિંછી જેવા ઝેરી, આક્રમક અને તેથી ઘણા જોખમી પ્રાણીઓને પણ શાંત બનાવી દેવા તે ઘણી અસાધારણ ઘટના છે.

આ રીતે શાંત અને સૌમ્ય બનાવ્યા પછી, તે સાપને પોતાના શરીર પર રમવા માટે છોડી દે છે. સાપ તેના વસ્ત્રોમાં, હાથ પગ પર લાંબા વાળમાં, ગળા અને ખભા પર—એમ શરીર પર નિર્ભય બનીને વિહરતો રહે છે. અને આપણો આ સાપનો મિત્ર જરા પણ વિચલિત થયા વિના શાંતિથી બેસી રહે છે. આ આખી પ્રક્રિયા દરમિયાન એ પણ સતત તેના પ્રિય અલ્લાહના સ્મરણમાં રત રહે છે. તેની ભાષામાં કહીએ તો તે સમયે હું અલ્લાહમાં હોઉં છું, અને અલ્લાહ મારામાં હોય છે. આ સમગ્ર ઘટના વખતની પોતાની અવસ્થા વિશે તેણે મને એકવાર કહેલું—તે વખતે જો મારા મનમાં જરા પણ ભય ઉત્પન્ન થાય કે જો હું જરા પણ વિચલિત થઉં તો તે જ ક્ષણે સાપ મને કરડે, તેની મને



ખાતરી છે. અને તો મારું મૃત્યુ પણ નિશ્ચિત છે. ચેતનાની ઉચ્ચ અવસ્થામાં પ્રતિષ્ઠિત રહેવું, તે જ મારું રક્ષા કવચ છે.

સાપ પકડે તો શું કરવું? પૂર્વ સાવચેતીના કોઇ ઉપાયો વિશે તેણે વિચાર પણ કર્યો નથી. સાપના ઝેરના પ્રતીકાર માટે કોઇ ઇન્જેક્શન તે પોતાની પાસે રાખતો નથી. પ્રતીકારની જરૂર તો તેને પડે છે, જેને આક્રમણનો ભય હોય છે. ખાંપણ ખડિયામાં લઇને નીકળેલા ઓલિયાઓને કોનું આક્રમણ, કોનો પ્રતીકાર અને કોનો ભય!

એકવાર વિદ્યાર્થીઓને લઇને દક્ષિણભાતની યાત્રાએ જવાનું બન્યું. યાત્રાના ક્રમમાં અમે મદ્રાસ પહોંચ્યા. મદ્રાસમાં સ્નેઇક પાર્ક (સાપ ઉછેર કેન્દ્ર) જોવા ગયા. સાપોને રહેવાના સ્થાનને ચારે બાજુથી ખાસ પ્રકારના વાયરની વાડથી સુરક્ષિત બનાવ્યું હતું. દર્શકો બહારથી અનેક પ્રકારના અનેક સાપોના મુક્ત વિહરણનું દર્શન કરે છે. દરવાજા પર સંચાલક ઊભા હતા. તેના ખભા પર એક લાંબો બિનઝેરી સાપ લટકતો હતો. કેન્દ્રમાં અનેક ઝેરી સાપ પણ હતા. તેઓ અવાર નવાર અંદર જઇને આંટો મારતા હતા. મેં તેમને સાપો વિશે થોડા પ્રશ્નો પૂછ્યા. મારો રસ જોઇને તેમણે મને કેન્દ્રની અંદર આવવા નિમંત્રણ આપ્યું. મને અંદર જવા માટે તૈયાર થતો જોઇને મારી સાથેના વિદ્યાર્થીની બહેનો ચીસ પાડી ઊઠ્યાં, "નહિ, નહિ, તમે ન જશો" પણ મારે તો તેમનો વિરોધ છતાં જવું હતું. મને અંદર આવવાનું નિમંત્રણ આપનાર પેલા સર્પવિદ્યા વિશારદ સંચાલકે પોતાનું વલણ બદલ્યું. મૂળ તેઓ યુરોપિયન છે, પરંતુ હવે ઘણાં વર્ષથી ભારતમાં આવીને રહ્યા છે. તેમણે મને કહ્યું, "હવે તમારું સાપોની વચ્ચે ન આવવું જ ઠીક છે." મેં કહ્યું, "કેમ?

તમે જ હમણાં મને નિમંત્રણ આપ્યું છે ને!'' તેમણે પોતાના વલણમાં થયેલા ફેરફારનો ખુલાસો કર્યો.

''જુઓ! તમારા આ સાપોની વચ્ચે આવવા સામે તમારો વિદ્યાર્થીઓનો બહુ મોટો વિરોધ છે. હું જોઇ શકું છું કે તેઓ ભયભીત પણ છે. સાપ આપણા મનના સ્પંદનોને પારખે છે. તમારી સાથે સંકળાયેલા આ તમારા સ્વજનોના મનના સ્પંદનોની પણ તેમના પર અસર થઇ શકે છે, તેથી હવે તમારો અંદર પ્રવેશ જોખમી છે. એટલે હવે આપ અંદર આવવાનું માંડી વાળો તે જ ઇષ્ટ છે.''

મારી સાથે આવેલી વિદ્યાર્થીની બહેનો તો પોતાના વિજય થવાથી રાજી રાજી થઇ ગઇ, પરંતુ હું સ્પંદનોની અસરની ઘટના વિશે વિચારતો થઇ ગયો.

એક વાર આપણા આ સૂફી સાધકને મેં પ્રશ્ન પૂછ્યો, ''સર્પને વશ કરવાની કોઇ વિદ્યા, કોઇ મંત્ર કે કોઇ તાંત્રિક પ્રયોગ તારી પાસે છે?''

એક વિદેશી નાગરિક છે, છતાં વિદ્યાર્થી હોવાને નાતે તે મારી ખૂબ આમન્યા જાળવતો રહે છે. ખૂબ નમ્રતાપૂર્વક તેણે મારી આશંકાનું નિવારણ કરતાં કહ્યું, ''મારી પાસે કોઇ મંત્ર, કોઇ પ્રયોગ કે કોઇ વશીકરણવિદ્યા નથી. મારે સાપોને વશ કરવાનો તમાશો કરવો નથી મારે તેમાંથી કોઇ ધન રળવું નથી. મારી પાસે એક જ મંત્ર છે. પ્રેમ! મારી પાસે એક જ વિદ્યા છે—પ્રેમ! મારી પાસે એક જ પ્રયોગ છે—પ્રેમ! હું એક મહાન સૂફી સંતનો શિષ્ય છું, મદારી નથી. હું આ પ્રયોગો કોઇને બતાવવા માટે નહિ, મારા ચિત્તની કેળવણી માટે કરું છું.''

તેના શબ્દોમાં સચ્ચાઇનો રણકો હતો. મને ખાતરી થઇ કે



આના સ્નેહપ્રયોગોમાં કોઇ બનાવટ નથી.

જે રાત્રે તેણે વીંછી પર પ્રયોગ કર્યો, તેના બીજા દિવસે તે વર્ગમાં હાજર હતો. વર્ગને અંતે મેં તેને સવાલ પૂછ્યો,

''ગઇકાલનો વીંછી પરનો પ્રયોગ કેવો રહ્યો?'' તે સહજ સ્વાભાવિક રીતે બોલ્યો,

''પહેલાં મેં તેને ટેબલ પર મૂક્યો. પછી તેની પીઠ પર મેં ધીમે ધીમે પ્રેમપૂર્વક આંગળી ફેરવવા માંડી. ધીમે ધીમે તેનો વાંકો આંકડો સીધો થવા માંડ્યો. દશેક મિનિટમાં તો તે જાણે સાવ સૂઇ જ ગયો. મેં પણ તેના પરનું બધું દબાણ દૂર કર્યું. તે લાંબા સમય સુધી ટેબલ પર, જાણે ઊંઘી ગયો હોય તેમ સૂતો રહ્યો. પછી મેં જ તેને પકડીને બહાર ખેતરમાં મૂકી દીધો.''

મેં બરાબર નિરીક્ષણ કર્યું કે પોતાના પ્રયોગોનો તે જરા પણ પ્રચાર કરતો નથી. બીજા કોઇ આ પ્રયોગોનો પ્રચાર કરે તે પણ તેને પસંદ નથી. બીજા કોઇ તેને તેના આ પ્રયોગો વિશે પૂછે તો તે જવાબ આપવાનું ટાળે છે. મારી પાસે તે યોગવિદ્યા શીખી રહ્યો છે, મારો વિદ્યાર્થી છે, તે નાતે જ તે મારી પાસે થોડો અભિવ્યક્ત થાય છે, અન્યથા તે મૌન રહેવાનું પસંદ કરે છે.

મેં તેને એકવાર પ્રશ્ન પૂછ્યો,

''તમારા સંપ્રદાયમાં કે તમારી ગુરુ પરંપરામાં આવા પ્રયોગોની કોઇ પરંપરા છે.''

તેણે સ્પષ્ટ ઉત્તર આપ્યો,

''જરા પણ નહિ. મારા ગુરુ મહારાજ પાસે કે તેમના આશ્રમમાં મેં આવા કોઇ પ્રયોગો જોયા નથી. અમારા સંપ્રદાય-માં સિદ્ધિઓ કે ચમત્કારોને સ્થાન જ નથી. અહીં આવ્યા પછી, અહીં આટલા પ્રમાણમાં સાપ—વીંછી જોઇને મને આ વિચાર

આવ્યો. અહીં લોકો આને ચમત્કાર ગણે છે, પરંતુ મારા મનમાં ચમત્કાર કરવાનો કોઈ ભાવ નથી. મારે તો મારા મનને સ્નેહનું સામર્થ્ય, સ્નેહનો પ્રભાવ સમજાવવો હતો. મને લાગે છે કે મારા આ પ્રયોગોની અવધિ પૂરી થઈ છે. હવે આવા પ્રયોગો હું નહિ કરું.''

હું જાણું છું તે પ્રમાણે તેણે ત્યાર પછી સાપ–વીંછી પરના પ્રયોગો ક્યારેય કર્યા નથી.

ઈસ્લામમાં એવો આદેશ છે કે મુસ્લિમ અલ્લાહ સિવાય કોઈને પ્રણામ ન કરે. રાજા કે ગુરુને પણ મુસ્લિમો પ્રણામ કરતા નથી. અરે! પયગંબર સાહેબને પણ મુસ્લિમ પ્રણામ ન કરે.

હિન્દુધર્મમાં આના કરતાં તદ્દન ઊલટી પરંપરા છે.

સિયા રામમય સબ જગ જાની।
કરઉં પ્રણામ જોરી જુગ પાની॥

આપણા દેશમાં વંદનને પણ ભક્તિનું એક સ્વરૂપ ગણાવવામાં આવે છે. હિન્દુધર્મનો એક સંપ્રદાય છે–પ્રણામી સંપ્રદાય. સંપ્રદાયનું નામ જ છે–પ્રણામી સંપ્રદાય!

એકવાર આ વિદ્યાર્થી મારી રૂમ પર આવી ચડ્યો. અમારી વચ્ચે ઈસ્લામ અને હિન્દુધર્મની તુલના વિશે વાતો થતી હતી. વાતના ક્રમમાં પ્રણામ કરવા–ન કરવા વિષયક બંને ધર્મની પરંપરા વિશે વાત ચાલી. મુસ્લિમ હોવા છતાં સૂફી હોવાથી તેનામાં ધાર્મિક કટ્ટરતા જરા પણ નથી. બંને ધર્મની આ પરંપરાની તુલના કરતાં તેણે કહ્યું, ''ઈસ્લામમાં અલ્લાહ સિવાય કોઈને પ્રણામ ન કરવાની પરંપરામાં એકનિષ્ઠા, જ્વલંત એકનિષ્ઠા છે. તેનું ઘણું મૂલ્ય છે. પરંતુ અલ્લાહ તો સર્વત્ર છે,



તેથી સૌને પ્રણામ કરવાની પરંપરા પણ ઉમદા પરંપરા છે. બંને પરંપરામાં કાંઈક સત્ય છે. પૂર્ણ સત્ય તો ક્યાંય નથી.''

તે દિવસોમાં ઈરાનમાં ખૌમાનીનું શાસન શરૂ થયું હતું. ધાર્મિક કટ્ટરતાનું વાયરું વાતું હતું. વર્તમાનપત્રમાં સમાચાર વાંચ્યા કે ઈરાનમાં સંગીત પર પ્રતિબંધ મુકાયો છે, મેં આ સમાચાર પ્રત્યે તેનું ધ્યાન દોર્યું. તેને પોતાની હંમેશાની આગવી રીતે લાક્ષણિક ઉત્તર આપ્યો : ''બધા ધર્મો સંગીત છે!''

તેનો એક વર્ષનો અભ્યાસ પૂરો થયો. ઈરાન જવા માટે રવાના થતાં પહેલાં મને મળવા આવ્યો. તેણે બહુ ભાવપૂર્વક બે હાથ જોડીને મને પ્રણામ કર્યા.

મેં તેના બંને હાથ પકડી લીધા, અને કહ્યું, ''તમે મને પ્રણામ ન કરો. તમે તમારા ધર્મની પરંપરાને જાળવો.''

તેણે સ્મિતપૂર્વક ઉત્તર આપ્યોઃ–

''સિયારામમય સબ જગ જાની,
કરઉં પ્રણામ જોરી જુગ પાની.''

સાંસારિક સુધારણાના કે સેવાના મોહમાં પડીને માનવ આત્મોન્નતિને ભૂલે નહિ તે જરૂરી છે–કેટલાક એવું માને છે કે જનસેવા કરતા રહી, સાદુ પવિત્ર જીવન જીવીએ–એટલે પત્યું. જીવન સાર્થક થઈ ગયું! આ માન્યતા અર્ધસત્ય જેવી છે. જીવનની સર્વોચ્ચ પ્રાથમિકતા તો આત્મોન્નતિને જ કે પ્રભુદર્શનને જ અપાય.

**–યોગેશ્વરજી**

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

એનો અર્થ તો એવો થયો કે તેં પૂતના જેવી રાક્ષસીનો અને બીજા અસુરોનો નાશ કર્યો, એમાંનું કોઈ પણ તારી આગળ ફાવી ના શક્યું, પરંતુ રાધા તને વશ કરી કે જીતી ગઈ. અલબત સ્નેહના ક્ષેત્રમાં.'

'માનવ જે વિજય મેળવે છે તે સ્નેહથી જ મેળવે છે, દ્વેષભાવ, કટુતા કે વિરોધથી નથી મેળવતો. રાધા એ જો એવી રીતે વિજય મેળવ્યો હોય તો એ વિજય વખાણવા જેવો છે. પરંતુ એ વિજય એકતરફી નથી, પરસ્પરનો છે. એમાં બંન્નેની હાર થઈ છે ને બંન્નેને વિજયનો આનંદ પણ પ્રાપ્ત થયો છે.'

બળરામે જરાક ગંભીર બનીને કહ્યું:

'રાધાને માટે તને આટલું બધું આર્કષણ થયું છે અને આટલી બધી લાગણીજાગી છે તેમા કશું ખોટું નથી. પરંતુ એ આકર્ષણ, સ્નેહ કે લાગણી અસ્થાયી ના નીવડે એનું ધ્યાન રાખજે.'

'કેમ?'

'અંતરમા આકર્ષણ, સ્નેહ કે લાગણી જન્મે છે અને સમી પણ જાય છે એટલે. જીવનમાં સામાન્ય રીતે એવું બનતું હોય છે. કેટલીક વાર સ્નેહ કે લાગણીના આવેગમાં વધારે કે ઓછા વખત સુધી વહ્યા પછી અંતર એ લાગણીથી રહીત બની જાય છે, એ સ્નેહ સુકાય જાય છે, અને આરંભના અણીશુધ્ધ અસાધારણ આકર્ષણ નો અંત આવે છે. તારા સંબંધમાં એવું ના થાય એનું ખાસ ધ્યાન રાખજે.'



કૃષ્ણે કહ્યું:

'મારા સંબંધમાં એવું નહી થાય. છતાં પણ ભાવિની ચિંતા શા માટે કરું? અત્યારે મારું અંતર રાધા પ્રત્યેના અદમ્ય આકર્ષણથી આકર્ષાયું છે, એને માટેના અપાર અનુરાગથી આપ્લાવિત બન્યું છે, અને આગળ પર પણ એવું જ રહેશે.'

'એ તો સમય પોતે જ કહી બતાવશે. જીવનમાં આકર્ષણ અને સ્નેહ ઉપરાંત બીજું ઘણું કરવાનું છે.'

'પરંતુ આકર્ષણ અને સ્નેહ એની વચ્ચે ના આવે તો ખરાબ નથી. એ પણ એક અગત્યના જીવનના અંગ રૂપ છે. એની એક આવશ્યક્તા છે.'

બળરામ શાંત રહ્યા ને બોલ્યા:

'રાધા છે તો ખૂબ જ સુંદર હો! એના જેવી કમનીયકન્યા આપણા મૃત્યુલોકમાં તો શું દેવજગતમાં પણ મળવી મુશ્કેલ છે, એના અસાધારણ સૌંદર્યને જોઈને કોઈને પણ આકર્ષણ પાર-સ્પરિક છે એ હકીકત અધિક આનંદદાયક છે.'

★ ★ ★

રાતભર કૃષ્ણ રાધાના જ વિચાર કરતા રહ્યા.

દિવસ દરમિયાન જે મધુમયી મનમોહિની મૂર્તિ હૃદયમાં, મનમાં ને નેત્રોની આગળ રમતી રહી તે મૂર્તિ રાતે પણ પોતાનો પ્રભાવ પાડતી રહી.

જ્યારે જ્યારે જાગતા ત્યારે એમના આત્માની આંખ આગળ રાધાની રસમય મૂર્તિ ઊભી રહેલી.

મનોમન જગતમાં એમણે રાધા સાથે કેટલીય વાતો કરી.

એની સાથેના વાર્તાલાપને એ વારંવાર વાગોળવા માંડ્યા.

એમના આત્માને એથી અનેરી તૃપ્તિ મળવા માંડી.

રાધાના પહેલી વારના પરિચયે એમના અત્યાર સુધીના જીવનમાં ક્રાંતિ કરીને એક અવનવા અધ્યાયનો આરંભ કર્યો.

એ અધ્યાય અતિશય આનંદદાયક લાગવા માંડ્યો.

એમનો પ્રેમાદ્ર પ્રાણ અવારનવાર પોકારવા લાગ્યો:

"રાધા,તું કયાં છે? તું કેમ ચાલી ગઈ? તારી સાથેની એ ક્ષણો કેટલી બધી સુખકારક અથવા શાંતિદાયક હતી? એ ક્ષણો ખરેખર ઉત્સવમય બની ગઈ. કેટલી બધી પાવન પળો! અદ્રષ્ટના અમૂલખ આર્શીવાદની જેમ એ પળો જીવનમાં પ્રારંભ પામી ને પૂરી થઈ. એ પોતાની અસાધારણ અસર છોડી ગઈ.રાધા હજુ આવવાની છે. એ આવ્યા વિના રહી શકશે જ નહી. પરંતુ આ અંધારી રાત્રી પૂરી થશે ત્યારે ને?'

અંતર આબેલ બનીને લાંબા વખત લગી રાધાના ધ્યાનમાં ડૂબી ગયું ને પછી જાગ્રત થઈને કહેવા માડ્યું :

'રાધાની સખી સુપ્રીયા સાચેસાચ સૌભાગ્યશાળી છે કે એને અની સાથે રહેવાનો ને ફરવાનો અવસર મળ્યો છે. એ અવસર કેટલો બધો અસાધારણ છે. તેની ખબર એને કદાચ નહીં હોય. ક્યાંથી હોય? રાધાનો આત્મા અત્યંત અસાધારણ છે. આ સૃષ્ટિના સરોવરમાં પ્રકટેલી એ કોઈક કમનીય કમલિની છે. જે ધરતી પર એ પ્રકટ થઈ છે તે ધરતીને ધન્ય છે. જેના પર એના પગ પડે છે તે પૃથ્વી પાવન થાય છે ને વધારે પરિમલવાળી બની જાય છે. જ્યાં જ્યાં એની ર્દષ્ટિ પડે છે ત્યાં સ્વર્ગનું સુખ ફરી વળે છે, અને એનો સ્પર્શ સંજીવનરૂપ બની રહે છે. એના નામમાં કેટલો બધો રસ છે, કેટલો આનંદ છે, કેટલું બધું જીવન અને કેટલું જાદુ છે!"



રાધાની અવસ્થા પણ એવી જ રહી.

રાતે એકાએક જાગી એ થોડીક વાર બેઠી અને સુપ્રિયાને કહેવા માંડી :

'કૃષ્ણની મનહર મધુરી મૂર્તિને આખો દિવસ નથી ભૂલી તેમ અત્યારે પણ એ મૂર્તિ નથી ભુલાતી. ઊંઘમાંપણ એ જ આંખઆગળ આવીને ઊભી રહે છે. એણે મારા હૃદયને રાગમય તથા વશ કર્યું છે. એટલે તો એ કૃષ્ણને મળવા માટે મનોરથ કરી તેમ જ થનગની રહ્યું છે. આવું તો મને જીવનમાં પહેલાં કદીય નથી થયું.'

સુપ્રિયા બોલી:

'તને એવું થયું છે એમાં કશું આશ્ચર્ય નથી. એવું ના થાય તો જ આશ્ચર્ય કહેવાય. કૃષ્ણની શક્તિ તથા સુંદરતા જ એવી છે. જડ પ્રકૃતિ તથા પશુપંખી પણ એની પ્રત્યે એક પ્રકારના ઉત્કટ આકર્ષણનો અનુભવ કરે છે તો તું તો સંવેદનશીલ સ્નેહમયી સુકુમારી છે. તને એને માટે આકર્ષણ થાય એમાં કશું અસાધારણ નથી. અસાધારણ અને આશ્ચર્યકારક હકીકત તો બીજી જ છે.'

'ક્યી?'

'કૃષ્ણને તારા પ્રત્યે આકર્ષણ થયું છે અને તારે માટે અનુરાગ જાગ્યો છે તે તું તેને માટે સંપૂર્ણપણે સુયોગ્ય છે એટલે એમાં એટલું બધું આશ્ચર્ય નથી, તોપણ એ અસાધારણ તો છે જ. એ જાતનું આકર્ષણ કૃષ્ણને બીજા કોઈને માટે નથી થયું. તારું ભાગ્ય એટલું અસાધારણ.'

'કૃષ્ણને તો સુખની નિદ્રા આવી હશે.'

'બિલકુલ નહિ. એ પણ તારા વિચારોમાં મગ્ન હશે. સ્નેહનું લક્ષણ એવું જ હોય છે.'

રાધા ભાવમાંથી જાગતી હોય તેમ બોલી:

'સવાર કોણ જાણે ક્યારે પડશે! ક્યારે કાલિંદીના કિનારા પર જવાશે ને કૃષ્ણને મળાશે! રાત ઘણી લાંબી લાગે છે. એ કેમે કરીને ખૂટતી જ નથી.'

એની આંખમાંથી અશ્રુ ટપકી પડ્યાં.

સુપ્રિયાએ એને સાંત્વન આપ્યું.

એ અશ્રુ નહોતાં, અનુરાગની અભિવ્યક્તિ હતી.

સ્નેહની શાશ્વત કવિતા એ રૂપમાં પ્રગટી રહેલી.

રાધાએ કહ્યું:

'મારું તન, મન, અંતર, અણુપરમાણુ, બધું જ ખેંચાઈ રહ્યું છે ને કૃષ્ણને મળવા માટે અધીરું બન્યું છે. કોણ જાણે આવું કેમ થયું છે! એમાં દર્દ છે પરંતુ એ દર્દ અને આકર્ષણ મીઠું લાગે છે.'

'એનું નામ જ અનુરાગ. એવી શક્તિ હોય છે. જીવન જીવ પ્રત્યેનું આકર્ષણ અને એના પરિણામે આવિર્ભાવ પામેલો અનુરાગ ખરેખર કલ્યાણકારક છે. તારે અને કૃષ્ણને માટે પણ એ કલ્યાણકારક થઈ પડશે.'

રાધા વધારે કશું ના બોલી. એણે ફક્ત એટલું જ કહ્યું:

'તારા જેવી સ્નેહાળ સખી મળી છે એ પણ મારું સૌભાગ્ય સમજું છું.'

★ ★ ★

## પ્રીતિ

બીજા દિવસે રાધા સુપ્રિયા સાથે યમુનાના યશસ્વી પ્રશાંત પવિત્ર તટપ્રદેશ પર જઇ પહોંચી ત્યારે કૃષ્ણ એની રાહ જોતા ઊભા રહેલાં.



એ દૃશ્ય કેટલું બધું અદ્ભુત હતું?

રાધાનાં નેહાળ નેત્રો એને નિહાળીને નાચી ઊઠ્યાં.

કૃષ્ણના રૂપમાં એને જાણે કે અસાધારણ સંપત્તિની પ્રાપ્તિ થઈ.

એનું અંતર અને અંગેઅંગ આનંદના અમૃતમય અર્ણવમાં અવગાહન કરી રહ્યું.

એ જ ક્ષણની એ ચિરકાળથી રાહ જોતી હતી ને?

(ક્રમશઃ)

**સત્કર્મનો મહિમા**

(૧) સત્કર્મ દુર્જનને સજ્જન બનાવે છે. (૨) મૂર્ખને પંડિત બનાવે છે. (૩) અહિત કરનાર શત્રુને હિતકારી બનાવે છે. (૪) પરોક્ષ વસ્તુને પ્રત્યક્ષ બનાવે છે. (૫) હલાહલ વિષને અમૃત બનાવે છે. – **યોગેશ્વરજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪